વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

# ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન

## પ્રવૃત્તિ અહેવાલ

## જૂન ૨૦૧૯ થી મે ૨૦૨૦



| | | |
|---|---|---|
| સ્થાપના વર્ષ | : | 1971 |
| દાતાનું નામ | : | ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી ચેરિટેબલ ટ્રસ્ટ |
| સંસ્થાનું સરનામું | : | વિદ્યામંદિર પ્રાંગણ, પાલનપુર |
| ફોન નંબર | : | 252285 |
| ઈ-મેઈલ | : | ddchoksibedcollege@vidyamandir.org |
| વેબ સાઈટ | : | www.vidyamandir.org |
| શિક્ષણનું માધ્યમ | : | ગુજરાતી |
| સંસ્થાનો પ્રકાર | : | અનુદાન લેતી |
| આચાર્યશ્રીનું નામ | : | ડૉ. નીલુબેન ઘોષ |

*Better Everyday*

## અમારી દ્રષ્ટિ (Our Vision)

અમે તાલીમાર્થીઓને યોગ્યજ્ઞાન, ટેવો, વલણ અને મૂલ્યો સાથે સજ્જ બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. તેઓ માત્ર શિક્ષક તરીકેની આવશ્યકતા, કૌશલ્ય વિકાસની સાથે તેઓ આજીવન શિક્ષણ માટેની ઈચ્છા અને અવિશ્વાસુ અને છેવાડામાં રહેલા લોકો સુધી શિક્ષણ પ્રસારિત કરવા માટે તૈયાર કરવા.

## અમારું ધ્યેય (Our Mission)

સમાજના લોકોને વ્યક્તિગત શિક્ષણ આપવું તેનાથી આધુનિક સમાજની મૂડી તૈયાર કરે અને તેઓ વિશ્વને જીવવા માટે વધુ સારી રીતે કેળવી શકે.

મહાવિદ્યાલયનો મુખ્ય ધ્યેય અસરકારક શિક્ષક, પરામર્શક દાતા, નિદાનાત્મક અને વિદ્યાલયના વહીવટીકર્તાનું નિર્માણ કરવું કે જેનાથી વિદ્યાલય એને સમાજમાં સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- એન.એસ.એસ.યુનિટની પ્રવૃત્તિઓ - ગ્રીન પ્રોજેક્ટ ગીર ફાઉન્ડેશન
- શૈક્ષણિક શાળાઓમાં ઇન્ટર્નશિપ - રાષ્ટ્રીય પર્વોની ઉજવણી
- યુનિવર્સીટી વ્યાખ્યાન માળા - વિવિધ દિવસીય ઉજવણી
- પદવીદાન સમારોહ - ગ્રાહક સુરક્ષા યુનિટ

**કોલેજ સમય:**

સોમ થી શુક્ર -૧૦.૩૦ થી ૫:૩૦ ● શનિવાર – સવારે ૦૮ થી ૧૨:૩૦

અઠવાડિક કામના કલાક – ૩૭ કલાક

**કોલેજમાં શીખવતા વિષયો :**

- પદ્ધતિ (મેથડ) -૧

  ગુજરાતી પદ્ધતિ- સંસ્કૃત પદ્ધતિ - ગણિત પદ્ધતિ

- પદ્ધતિ -૨

  હિન્દી પદ્ધતિ– અંગ્રેજી પદ્ધતિ –વિજ્ઞાન પદ્ધતિ – સામાજિક વિજ્ઞાન પદ્ધતિ

- શિક્ષણના વિષયો ફરજીયાત – ૮

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

| સેમ-૨ | સેમ-૪ | કુલ |
|---|---|---|
| કુમાર - ૧૬ | ૦૯ | ૨૫ |
| કન્યા - ૩૪ | ૪૦ | ૭૪ |
| **કુલ - ૫૦** | **૪૯** | **૯૯** |

## સંસ્થા પરિચય

વિદ્યાજ્ઞાન એક સ્વયં ચેતના છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ એક પ્રમાણભૂત સક્ષમ માધ્યમ છે. તેના માટે શિક્ષણનો વ્યાપ સતત વિસ્તરતો જ રહે એવા ધ્યેયને અનુલક્ષીને દીર્ઘદષ્ટાશ્રી કાનુભાઈ મહેતાએ બનાસકાંઠામાં શિક્ષણના પ્રચાર- પ્રસાર માટે પાલનપુર ખાતે અનેક શિક્ષણ સુવિધાઓ ઊભી કરવાના સ્વપ્નને સાકાર કર્યું છે.એમની પ્રેરણાથી શ્રી ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી પરિવારે જિલ્લામાં તાલીમી માધ્યમિક શિક્ષકો તૈયાર કરવાના ઉદ્દેશથી તાલીમી કૉલેજ સ્થાપવા ઉદારતાથી દાન આપતાં ઈ.સ.૧૯૭૧માં ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશનનો શુભારંભ થયો. આ સંસ્થા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણક્ષેત્રે વિવિધ શૈક્ષણિક તાલીમી કાર્યક્રમો યોજી એક શિક્ષણ કેન્દ્ર તરીકે સક્રિયતા દાખવી રહી છે. આ સંસ્થાના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

- સમાજલક્ષિતા, વ્યાપ અને ગુણવત્તાના સંદર્ભે માધ્યમિક શિક્ષકો તૈયાર કરવા.
- જિલ્લા અને ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ સંસ્થાઓ માટે સંદર્ભ ઘટક તરીકે માર્ગદર્શન
- શિક્ષણમાં 'એવરી ડે બેટરમેન્ટ' નો ખ્યાલ શિક્ષણજગત સુધી લઈ જવો.
- જીવનનાં મૂળભૂત મૂલ્યો અને કૌશલ્યોનું સ્થાપન અને સંવર્ધન
- શાળાકક્ષાએ અને સમાજકક્ષાએ પૂર્ણ જીવનની સંપ્રાપ્તિ
- શાળાકક્ષાએ અને સામાજિક સ્તરે સંબંધ સ્થાપના અને વ્યવહાર
- પૂર્ણ વ્યક્તિત્વનું ઘડતર

## ગત વર્ષનું પરિણામ

### Result of 2018-20 Batch - Sem-III

| | | |
|---|---|---|
| Distinction | : | 48 Student |
| Strength | : | 49 |
| College Result | : | 99 % |
| College First | : | Desai Palak |

### Result of 2017-19 Batch Sem-4

| | | |
|---|---|---|
| Distinction | : | 49 Student |
| Strength | : | 49 |
| College Result | : | 100 % |
| College First | : | Jigisha Solanki |

### Top Three Student of the Year



**Desai Palak**
SGPA : 9.87%



**Shrimali Darshana**
SGPA : 9.76%



**Prajapati Komal**
SGPA : 9.89%

## RESULT

**Year-2017-2019 Sem.- 4**

| Sr.No. | Name | Result CGPA |
|---|---|---|
| 1 | Chauhan Varshaben H. | 7.42 |
| 2 | Modi dhartiben P. | 8.83 |
| 3 | Solanki Jigisha S. | 9.23 |
| 4 | Patel Nishiben S. | 9.11 |
| 5 | Patel Jinalbhai R. | 8.82 |
| 6 | Bhagora chandanben P. | 8.95 |
| 7 | Mansa Sukaliben P. | 8.82 |
| 8 | Begadiya Hetalkumari M. | 9.22 |
| 9 | Rajput Ashaben G. | 8.55 |
| 10 | Trivedi Bhagyashri R. | 9.07 |
| 11 | Chaudhary Manjulaben R. | 8.77 |
| 11 | Prajapati Pravinabahen J. | 9 |
| 12 | Parmar Ushaben J. | 8.83 |
| 13 | Gamit Sonalben A. | 8.71 |
| 14 | Thakor Darshnaben A. | 9.02 |
| 15 | Rathod Ashaben S. | 9.12 |
| 16 | Chauhan Vidhiben S. | 8.73 |
| 17 | Chauhan Gayatri P. | 9.28 |
| 18 | Adhavan swetaben p. | 9.05 |
| 20 | Raval Sobhanaben D. | 9.06 |
| 21 | Barot Indiraben V. | 8.9 |
| 22 | Dabhi Ajmalji J. | 8.99 |
| 23 | Makwana Jyotiben R. | 8.78 |
| 24 | Patel Ashaben D. | 9.02 |
| 25 | Deriya Ritaben N. | 9.17 |
| 26 | Barot Mayaben M. | 9.18 |
| 27 | Thakor Mansangji M. | 8.85 |
| 28 | Makvana Sangitaben V. | 8.83 |
| 29 | Rathod Bhavnaben D. | 9.09 |
| 30 | Chaudhari Snehalben M. | 9.07 |
| 31 | Thakor Bhavanaben H. | 9.16 |
| 32 | Bhilecha parasben j. | 8.83 |
| 33 | Prajapati Satishkumar M. | 8.92 |
| 34 | Prajapati Bhoomikaben I. | 9.23 |
| 35 | Dhrangi Hareshbhai B. | 8.9 |
| 36 | Parmar Ashvinbhai A. | 8.85 |
| 37 | Chaudhary Nishaben J. | 9.02 |
| 38 | Chaudhary Rukhiben S. | 8.86 |
| 39 | Prajapati bhumikaben M. | 9.15 |
| 40 | Patel Yogitaben I. | 9.17 |
| 41 | Bholiya Girishkumar J. | 8.39 |
| 42 | Rabari Ankitaben R. | 9 |
| 43 | Rabari Rashmikaben R. | 8.93 |
| 44 | Sendhav Ansuya H. | 8.89 |
| 45 | Joshi Poojaben V. | 8.96 |
| 46 | Patel Priyankaben B. | 8.85 |
| 47 | Goradara Ritabahan S. | 8.85 |
| 48 | Prajapati Kalpana N. | 9.18 |
| 49 | Vaghela Jitiben H. | 8.56 |

**Year-2018-2020 Sem.- 3**

| Sr.No. | Name | Result CGPA |
|---|---|---|
| 1 | Chauhan Gayatriben M. | 9 |
| 2 | Prajapati Gunjan A. | 9.26 |
| 3 | Rajpur Heenaben J. | 9.39 |
| 4 | Chauhan Jignasaben H. | 9.63 |
| 5 | Prajapati Ashok S. | 9.5 |
| 6 | Modi Divya H. | 9.37 |
| 7 | Jadav Vandanaben M. | 9 |
| 8 | Chauhan Manjulaben G. | 9.63 |
| 9 | Metiya Jitendrakumar A. | 9.39 |
| 10 | Prajapati Rinkuben P. | 9.48 |
| 11 | Parmar Kajalben M. | 9.63 |
| 12 | Baranda Ashaben L. | 9.26 |
| 13 | Thakor Udaji C. | 9.02 |
| 14 | Parmar Ankitbhai S. | 9.39 |
| 15 | Chaudhary Ashaben N. | 9.5 |
| 16 | Rathod Pinkibahen C. | 8.11 |
| 17 | Panchal Vinaben H.I | 9 |
| 18 | Chauhan Ankitaben R. | 9.5 |
| 19 | Daraji Dipikaben P. | 9.63 |
| 20 | Parmar Sangeetaben K. | 9.24 |
| 21 | Modh Zinal R. | 9.13 |
| 22 | Gajjar Artiben J. | 9.5 |
| 23 | Prajapati Mukeshkumar M. | 9.48 |
| 24 | Joshi Poojaben D. | 9.74 |
| 25 | Kureshi Altafhusen A. | 9.13 |
| 26 | Shrimali Darshanaben P. | 9.76 |
| 27 | Trivedi Mausami B. | 9.63 |
| 28 | Gurjar Jalpaben P. | 9.76 |
| 29 | Solanki Shilpaben R. | 9.76 |
| 30 | Patel Dipikaben D. | 9.76 |
| 31 | Ambani Jagruti S. | 9.63 |
| 32 | Patel Artiben P. | 9.63 |
| 33 | Prajapati Poojaben V. | 9.74 |
| 34 | Patel Nishaben D. | 9.5 |
| 35 | Makwana Mayurkumar K. | 9.5 |
| 36 | Patel Mayaben B. | 9.76 |
| 37 | Prajapati Maneeshbhai D. | 9.76 |
| 38 | Chauhan Irshadkhan N. | 9.39 |
| 39 | Chaudhary Vishnaben D. | 9.52 |
| 40 | Desai Palakben N. | 9.87 |
| 41 | Panchasara Urmilaben R. | 9.63 |
| 42 | Nayi Minaxiben D. | 9.61 |
| 43 | Tailor Binalben J. | 9.76 |
| 44 | Patel Anjaliben N. | 9.5 |
| 45 | Padat Sonalben A. | 9.5 |
| 46 | Patel Tanviben R. | 9.52 |
| 47 | Prajapati Komal B. | 9.89 |
| 48 | Patel Maitree D. | 9.52 |
| 49 | Saripadiya Bhoomikaben N. | 9.63 |

# All Activity

| S.N. | Date | Programme Name | Special Presence | Sem. | Stu.Total |
|---|---|---|---|---|---|
| 1 | 13/06/2019 | Welcome ceremony for B.Ed sem.-3 | | sem.-3 | 50 |
| 2 | 14/06/2019 | Prize Distribution-Gandhi Budhh VVm | | sem.-3 | 50 |
| 3 | 21/06/2019 | International Yoga Day | | sem.-3 | 50 |
| 4 | 26/06/2019 | International Drugs Day | | sem.-3 | 50 |
| 5 | 28/06/2019 | Jin Jack Rusho Janm Jyanti | | sem.-3 | 50 |
| 6 | 05/07/2019 | One Day Seminar Clg | | sem.-3 | 50 |
| 7 | 13/07/2019 | 1st Convocation Ceremony Both Clg 2017-19 | V.C. H.N.G.U., Shri Shirishkumar Modi | sem.-3 | 50 |
| 8 | 16/07/2019 | Guru Purnima | | sem.-3 | 50 |
| 9 | 17/07/2019 to 21/09/2019 | Internship of sem.-3 | Different School | sem.-3 | 50 |
| 10 | 29/07/2019 | Honors Ceremony Program for Dr.Bharat Mali | Dr. Neeluben Ghosh | sem.-1 | 50 |
| 11 | 30/07/2019 | Election Programme for GS and LR | Dr. Neeluben Ghosh | sem.-1 | 50 |
| 12 | 02/08/2019 | Khelmahakumbh-2019 | Dr. Hashmukh Modi | sem.-1 | 50 |
| 13 | 05/08/2019 | Tree Plantetion-New Year Adm | Dr. Hashmukh Modi | sem.-1 | 50 |
| 14 | 13/08/2019 | Rakhi Making competition | Dr. Hashmukh Modi | sem.-1 | 50 |
| 15 | 14/08/2019 | Visit Old age home at Palanpur | Dr. Hashmukh Modi | sem.-1 | 50 |
| 16 | 15/08/2019 | Independence Day | Dr. Hashmukh Modi | sem.-1 | 50 |
| 17 | 21/08/2019 | Sanskrit Day | Dr. Girishbhai Thakar | sem.-1 | 50 |
| 18 | 22/08/2019 | One Day Picnic to Paniyari | | sem.-1 | 50 |
| 19 | 29/08/2019 | International Sports Day | | sem.-1 | 50 |
| 20 | 29/08/2019 | Seed Pen Making Project | | sem.-1 | 50 |
| 21 | 30/08/2019 | Eloquence | | sem.-1 | 50 |
| 22 | 31/08/2019 | questioning on Gandhi Vichar Dhara | | sem.-1 | 50 |
| 23 | 05/09/2019 | Teacher's day | | sem.-1 | 50 |
| 24 | 14/09/2019 | Hindi Diwas | | sem.-1 | 50 |
| 25 | 14/09/2019 | Cleanliness Campaign | | sem.-1 | 50 |
| 26 | 21-24/09/2019 | NSS Kit Distrubut & Nss Day | | sem.-1 | 50 |
| 27 | 22/09/2019 | Micro Teaching Competition | | sem.-1 | 50 |
| 28 | 23/09/2019 | Poster Making Competition | | sem.-1 | 50 |
| 29 | 02/10/2019 | Gandhi Vichar Exam Gujarat Vidyapith,Ahm | | sem.-1 | 50 |
| 30 | 04/10/2019 | Group Discussion | | sem.-1 | 50 |
| 31 | 05/10/2019 | Extempore Speech | | sem.-1 | 50 |
| 32 | 11/11/2019 | Navratri Celebration | | sem.-1 | 50 |
| 33 | 25/11/2019 | Specific Project Literature | | sem.-2 | 50 |
| 34 | 26/11/2019 | Constitution day And Milk Day | | sem.-2 | 50 |
| 35 | 02/12/2019 | Luv-Kush Fun Fair | Dr.Hashmukhbhai Modi | sem.-2 and 4 | 99 |
| 36 | 04/12/2019 | Lecture on Child sex abuse | Dr.Latika Shah | sem.-2 | 50 |
| 37 | 5/12/2019 to | Internship of sem.-3 31/01/2020 | Different School | sem.-3 | 50 |
| 38 | 13/12/2019 | Visit to Bnas Dairy | | sem.-2 | 50 |
| 39 | 14/12/2019 | Salad Making Competition & Sanskrit Gaurav Exam | | sem.-2 | 50 |
| 40 | 19/12/2019 | Information on Mahila Sakti Kendra | Mrs. Jigishaben | sem.-2 and 4 | 99 |
| 41 | 07/12/2019 | information for Election | Mrs. Ashaben Patel | sem.-2 | 50 |

## All Activity

| S.N. | Date | Programme Name | Special Presence | Sem. | Stu.Total |
|---|---|---|---|---|---|
| 42 | 27/12/2019 to 29/12/2019 | Ghnan Satra (Madhyakalin Gujarati Sahitya) | Vidyamandir Trust | sem.-2 | 50 |
| 43 | 6/1/2020 to 14/01/2020 | Educational Tour | | sem.-2 and 4 | 99 |
| 44 | 13/01/2020 | Swami Vivekanand Jyanti | Staff | sem.-2 | 50 |
| 45 | 20/01/202 to 21/01/2020 | Night Camp at Gopalpuridham (Dangiya) | Gopalpuridham (Dangiya) | sem.-2 | 50 |
| 46 | 23/01/2020 | Subhash Chandra Bose Janm Jyanti | | sem.-2 | 50 |
| 47 | 26/01/2020 | Republic Day | VVM Campus | All | 99 |
| 48 | 30/01/2020 | Sports Day | | sem.-2 | 50 |
| 49 | 30/01/2021 | Gandhi Nirvan Diwas | | sem.-2 | 50 |
| 50 | 04/02/2020 | World Cancer Day & Vehicale Rules | | sem.-2 | 50 |
| 51 | 13/02/2020 | Inaugural Function Of She Bank | 1.Dr.H.K.Shah<br>2.Sandhya Saxsena<br>3.Dr.Mehta | sem.-2 and 4 | 99 |
| 52 | 14/02/2020 | Extension Lecture on 5E's Model | Dr.Jayendra Amin | sem.-2 and 4 | 99 |
| 53 | 17/02/2020 to 29/02/2020 | Internship of sem.-2 | Different School | sem.-2 | 50 |
| 54 | 20/02/2020 to 23/02/2020 | Vyakhyayan Mala | Vidyamandir Trust | sem.-2 and 4 | 99 |
| 55 | 28/02/2020 to 05/03/2020 | N.S.S.Camp 7 Day Shibir | Parpada Village | sem.-2 and 4 | 99 |
| 56 | 07/03/2020 | World Women Day 2020 | | sem.-2 and 4 | 99 |
| 57 | 13/03/2020 | Sbi Online | Sbi Staff | sem.-2 and 4 | 99 |
| 58 | 14/03/2020 | Consumer Protection day | | sem.-2 | 50 |
| 59 | 09/05/2020 | Online National Seminar Webinar | | Participate | 112 |
| 60 | April-March 2020 | Corona Kovid-19 Home Work | | sem.-2 and 4 | 99 |

## સ્વાગત કાર્યક્રમ



તારીખ ૧૩-૬-૨૦૧૯ ગુરુવારના રોજ બી.એડ.વર્ષ -૨ સેમ-૩ ના તાલીમાર્થીઓનો સ્વાગત કાર્યક્રમ અધ્યાપકો દ્વારા યોજવામાં આવ્યો હતો. અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓઓને તિલક કરીને તેમજ ગોળથી મીઠું મોઢું કરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સેમ-૩ ના અભ્યાસક્રમની રૂપરેખા અને આયોજન અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વાગત કાર્યક્રમને નવીન બનાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડી વિદ્યાર્થીઓએ દ્વારા વૃક્ષો વાવી તેને કોલેજનું નામ આપવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ એ હતો કે વિદ્યાર્થીઓ જીવનમાં વૃક્ષોના તેમજ પર્યાવરણના મહત્વને સમજતો થાય અને કોલેજમાં યાદોનું કાયમી સંભારણું રહે.

## ઇનામ વિતરણ



તા.૧૪/૦૬/૨૦૧૯ ને શુક્રવારના રોજ ગાંધીબુદ્ધ કેન્દ્ર અંતર્ગત ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા ૭ માર્ચ ના રોજ ગાંધીબુદ્ધ અંતર્ગત જે વિવિધ પ્રવૃતિઓ થઈ હતી જેવી કે નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા,શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા,પ્રશ્નોતરી સ્પર્ધા વગેરે માં જે વિદ્યાર્થીએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવ્યો હતો તેમણે પ્રોત્સાહનના ભાગરૂપે વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા ઈનામ તરીકે પ્રમાણપત્ર,પેન અને નોટબુક ચોપડા આપીને વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઈનામ મેળવનાર તાલીમાર્થીઓ હર્ષની લાગણી જોવા મળી.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૧૯



તા.૨૧/૬/૨૦૧૯ ને શુક્રવાર નાં રોજ શ્રીમતી બબુબેન પરીખ હોલ ખાતે ૫માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.રાંચીમાં ચાલતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સાથે આચાર્યશ્રી,અધ્યાપકો અને તાલીમાર્થીઓએ યોગ કર્યા.આ દિવસ ઉજવવાનો હેતુ એ છે કે વિશ્વે સ્વીકાર્યું કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવવાનો નક્કી થયું. આપણી બુદ્ધિને શાંત કરવાનો હતો, પ્રાચીન મુનિ પતંજલિ સમયમાં જે યોગનું મહત્વ હતું તે વર્તમાન સમયમાં પણ લોકો સમજતા થાય અને સ્વાસ્થ્યથી પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે.યોગને જીવનક્રમ બનાવવી નીરોગી રહે.

## આંતરરાષ્ટ્રીય વ્યસન મુક્તિ દિવસ



તારીખ ૨૬/૬/૨૦૧૯ને બુધવારના રોજ કોલેજમાં આંતરરાષ્ટ્રીય વ્યસન મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી.આકાર્યક્રમ અંતર્ગત કોલેજના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ એક નુક્કડ નાટક તાલીમાર્થીઓએ દ્વારા ભજવવામાં આવ્યું.અન્ય તાલીમાર્થીઓએ પણ આ કાર્યક્રમમાં સહભાગિતા નોધાવી હતી.આ કાર્યક્રમનો હેતુ એ હતો કે બાળકોને વ્યસનથી થતા નુકશાન અને તેનાથી મુક્ત જીવન જીવવા તેમજ સમાજમાં તે અંગે જાગૃતતા આવે તે સંદેશ ફેલાવવો તે દરેકની ફરજ સમજી કાર્ય તરફ પ્રેરવાની પ્રેરણા મળી.

## જીન-જેક રુસોના જન્મદિવસ ની ઉજવણી



તા.૨૮/૦૬/૨૦૧૯ને શુક્રવાર ના રોજ ડી.ડી.ચોકસી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ના ઉપક્રમે વિશ્વના મહાન બાળ કેળવણીકાર અને પ્રકૃતિવાદના પ્રણેતા એવા જીન-જેક રુસોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં જીન જેક રુસોના જીવનને લગતા પ્રસંગો અને તેમણે આપેલા શિક્ષણ ફિલસૂફીના વિચારોની ચર્ચા કરવામાં આવી હતી.અધ્યાપકો અને તાલીમાર્થીઓની સહભાગિતાને લીધે આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ ઉજવણી કરવાનો હેતુ એ હતો કે તાલીમાર્થીઓ આવા મહાન કેળવણીકાર અને તેમણે કરેલા કાર્યોતથા માણસને શિક્ષણ સ્વતંત્ર રીતે પ્રકૃતિના સાનિધ્યમાં મળે તેમજ પુસ્તકિયા જ્ઞાન સીવાય શિક્ષણનો સ્વીકાર વિશ્વપ્રકૃતિમાંથી  કરીને જીવન ઉત્તમ જીવવાનો સંદેશ લેવો તે વિશે માહિતગાર થઈને શાળા જીવન દરમિયાન અનુભવોનું અમલીકરણ કરવા પ્રેરાય.

## એકદિવસીય સેમિનાર



તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ એકદિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય શિક્ષણ પોલિસી અંતર્ગત રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં શિક્ષક દ્વારા શિક્ષણનાં પડકારો વિશે સેમ. ૩ નાં તાલીમાર્થીઓ સામે ખુબ સુંદર રજુઆત કરી હતી.આ કાર્યક્રમનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં શિક્ષણના પંથે આવનાર પડકારો ને શિક્ષક તરીકે ઉતમ કાર્ય કરવા માટે પ્રેરણા આપવાનો હતો.

## ગુરુપૂર્ણિમા

તા.૧૬/૦૭/૨૦૧૯ ના રોજ કોલેજમાં ગુરૂપૂર્ણિમા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરૂ વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યાપકો દ્વારા ગુરૂ વિશેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરૂ વિશેનું ભજન ગાવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ ઉજવવાનો મુખ્ય હેતુ એ હતો કે તાલીમાર્થીઓ તેમના જીવનમાં ગુરૂનું મહત્વ સમજે અને જીવનવિકાસ માટે યોગ્ય માર્ગદર્શન માટે અનન્ય વ્યક્તિત્વની પસંદગી  જીવન માટે યોગ્ય માર્ગ શોધવામાં મદદ મળે.

## પદવીદાન સમારોહ-૨૦૧૯



તા.૧૩/૦૭/૨૦૧૯ ને શનિવાર ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી.ચોકસી કોલેજ ઓફ સેકન્ડરીએજ્યુકેશન તેમજ શ્રીમતી એસ.પી.કોઠારી ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજના સંયુક્ત ઉપક્રમે કનુભાઈ મેહતા હોલ પાલનપુર ખાતે પ્રથમ પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું .વર્ષ ૨૦૧૭- ૧૯ ના તાલીમાર્થીઓ માટે આ ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં હતું. આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન તરીકે હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના કુલપતિ ડો.અનીલ. જે. નાયક. સાહેબને આમંત્રિત કરવામાં આવ્યા હતા.તેમજ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વિદ્યામંદિર લોકલ ટ્રસ્ટના ચેરમેન શિરીષકુમાર મોદીની ઉપસ્થિતિ રહી હતી.તેમજ વિદ્યામંદિર સંસ્થાના નિયામક ડો.હસમુખ મોદી તથા અન્ય ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.આ કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રથી કરવામાં આવી હતી. પ્રિન્સીપાલ ડો.નીલુબેન ઘોષ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું .ત્યારબાદ બંને કોલેજ ના જી .એસ. અને એલ.આર દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને બંને કોલેજના વર્ષ ૨૦૧૭-૧૯ ના તાલીમાર્થીઓને ડ્રેશ-વેશભૂષા સાથે બી.એડ.ની પદવી મહેમાનોના હસ્તે આપવામાં આવી હતી અને આ કાર્યક્રમ બી.એડ.કોલેજમાં પ્રથમ સમારોહ યોજાયો હતો. આ સમારોહને અનુલક્ષીને કાર્યક્રમના મુખ્ય અતિથી ડો.અનિલ નાયક સાહેબે ભાવી પેઢીને તૈયાર કરવા બી.એડ.કોર્ષ ફરજીયાત હાજરી આપીને કોલેજમાં અનેક પ્રવૃતિઓથી અનેક કૌશલ્યો શીખીને શિક્ષકના કાર્યો નિષ્ઠાપૂર્વક કરીને સમાજસેવા કરવાની ઉત્તમ તક રહેલી છે અને કાર્યક્રમના અધ્યક્ષ શ્રી શિરીષકુમાર મોદી તમામ વ્યવસાયોમાંથી શિક્ષકનો વ્યવસાય ઉચ્ચ કક્ષાનો છે એવું અધ્યક્ષીય પ્રવચનમાં કહ્યું. આ ભવ્ય સમારોહમાં વર્ષ ૨૦૧૮-૨૦ ના તાલીમાર્થીઓ દ્વારા બે નાટ્યકૃતિ શિક્ષકની વર્તમાન ભૂમિકા અને મહત્વ અંગે ગુજરાતી અને અગ્રેજી ભાષામાં ભજવાઈ હતી.આ ઉપરાંત ભૂતપૂર્વ તાલીમાર્થીઓએ તેમના સંસ્મરણો પણ આ કાર્યક્રમમાં યાદ કર્યા હતા.વિદ્યામંદિર પરિવારના તમામ સભ્યો,અધ્યાપકો,તાલીમાર્થીઓ તેમજ દરેક વ્યવસ્થાપકોના સાથ અને સહકારને લીધે આ ભવ્ય કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## સ્વાગત કાર્યક્રમ



તારીખ ૨૯/૦૭/૨૦૧૯ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ચોકસી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશનમાં માનનીય ડૉ.ભરતકુમાર પી.માળીનું પોતાની મહેનત અને લગન દ્વારા કોલેજમાં સંસ્કૃત મેથડમાં અધ્યાપક તરીકે કાયમી નિયુક્તિનો નિમણુંક પત્ર તા.૨૫/૦૭/૨૦૧૯ ના રોજ સંસ્થાના ડાયરેક્ટર ડો.હસમુખ મોદી દ્વારા આપેલ. કોલેજ પરિવાર દ્વારા સ્વાગત વિધિનો કાર્યક્રમ યોજાયો જેમાં ડો.નીલુબેન ઘોષ પરિચય આપીને ભૂતપૂર્વ તાલીમાર્થી વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ પૂર્વ પ્રાધ્યાપક વર્ષ ૨૦૧૦-૧૧ નિમણુંક થવાથી સંસ્થાનું ગૌરવ વધારેલ અને સાહેબના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતા તેમની હાલ સુધીની સફર અને તેમને વેઠેલી મુશ્કેલીઓ બાદ મળેલ સફળતાની એક રીતે કહી શકી એકે સંઘર્ષથી સફળતાની ટૂંકમાં વાત કરી. NSS યુનિટ અંતર્ગત પ્રા.અર્પનાબેન ત્રિપાઠી અને તેમની ટીમે NSS તાળીઓથી સ્વાગત કરેલ. સ્ટાફગણ અને તાલીમાર્થીઓ દ્વારા સાહેબશ્રીનો શ્રીફળ, સુતરની આટી, ગ્રીનછોડ, શાલઓઢાડી આવકાર કરવામાં આવ્યો. તાલીમાર્થી ઋત્વી દ્વારા કોલેજમાં કરેલ પ્રવૃતિઓની ઝલક આપતી સાહેબની સ્લાઈડો રજૂ કરેલ.ત્યાર પછી જેમના સન્માનમાં આ કાર્યક્રમ યોજાયેલ તેવા માનનીય ડૉ. ભરતકુમાર માળીએ વક્તવ્યમાં સંસ્કૃતથી બાળકોમાં પોઝિટિવ એનર્જી તેમજ મહેનત કરવાની ક્ષમતા જાગે એવું સુંદર વક્તવ્ય આપવામાં આવ્યું.ઉપરાંત તેમણે આ સંસ્થામાં કાયમી થયા પહેલા પણ નિષ્ઠાપૂર્વક બજાવેલી ફરજની માહિતી તાલીમાર્થીઓને આપી અને વિદ્યાર્થીઓ પણ આ રીતે સતત મહેનત સાથે સફળ થવા માટેની શુભેચ્છાઓ આપી પોતાના વકતવ્યને વિરામ આપ્યો.છેલ્લે આભાર વિધિ દ્વારા સમગ્ર કાર્યક્રમને સંક્ષિપ્તમાં આવરી લઈ સૌએ સફળ બનાવાનો પ્રયાસ કરેલ.અંતમાં કોલેજ ગીત સાથે જય ભારતના નારા સાથે કાર્યક્રમને પૂર્ણ કરેલ.

## GS અને LR ની ચૂંટણી તથા શપથગ્રહણ કાર્યક્રમ - ૨૦૧૯



તારીખ : ૩૧/૦૭/૨૦૧૯ આથી, ગતરોજ તારીખ ૩૦ જુલાઈના દિવસે તાલીમાર્થીઓના પ્રશ્નોના નિરાકરણ અને કોલેજની અન્ય પ્રવૃત્તિ પર ધ્યાન રાખવા માટે GS(General Secretary) અને LR (Ladies Representative) ની પ્રત્યક્ષ ચૂંટણીનું કોલેજના ચૂંટણીપંચ આચાર્યાશ્રી તેમજ અન્ય પ્રાધ્યાપકો દ્વારા તારીખ ૨૯ ના રોજ બપોરે ૩ કલાકે લોકશાહી ઢબે આયોજન કરવામાં આવ્યું હતું.આ ચૂંટણીમાં પહેલીવાર GS તરીકે બે ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા જ્યારે LR તરીકે મહિલા તાલીમાર્થી ચૂંટાઈ આવ્યા હતા.આ અંતર્ગત શપથવિધિ કાર્યક્રમ તારીખ ૩૧/૦૭/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલો.GS, LR ઉપરાંત NSS, ENVIRONMENT જેવી અન્ય ૨૭ સમિતિના સભ્યો એ પણ શપથગ્રહણ કર્યા. આવી પ્રત્યક્ષ ચુંટણી પ્રક્રિયામાં નિયમો સાથે ચુંટણી કમિશન કમિટીની રચના કરેલ. તાલીમાર્થીઓને પ્રત્યક્ષ આગવો અનુભવ થયો.

## ખેલ મહાકુંભ -૨૦૧૯



ખેલ મહાકુંભ -૨૦૧૯ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આપણું ગુજરાત માત્ર શિક્ષણ ક્ષેત્રે જ આગળ ન રહેતા રમતગમતમાં પણ મોકાનું સ્થાન મેળવે અને વિશ્વમાં ગુજરાતનું નામ ગુંજતું કરે એ હેતુથી ખેલમહાકુંભનું આયોજન ગુજરાત સરકાર વર્ષ-૨૦૧૩થી આજસુધી દર વર્ષે કરતું આવ્યું છે. આના ઉપક્રમે તારીખ ૦૨/૦૮/૨૦૧૯ના રોજ તાલીમાર્થીઓ અધ્યયન-અધ્યાપન ઉપરાંત ખેલકુદમાં પણ આગળ રહે તેવા હેતુથી વિદ્યામંદિર ટ્રસ્ટના રમતગમતના પ્રાધ્યાપક શ્રી દીપકભાઈ પઢીયારએ આ વિષે તાલીમાર્થીઓને વિવિધ રમતગમત અંગેની સૂચનાઓ, નિયમો તેમજ 'રમશે ગુજરાત જીતશે ગુજરાત' નું મહત્વ ઓનલાઈન ફોર્મ ફરવા માટેની સમજ આપી ભાગ લેવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને શિક્ષક સ્વાસ્થ્યની કાળજી માટે શારીરિક રમતોથી પરિચિત થાય સહભાગી બની તે અંગેની જાણકારી ભાવી શિક્ષક તરીકે જરૂરી છે.

## 'ગ્રીન પ્રોજેક્ટ' અંતર્ગત વૃક્ષારોપણ



તારીખ ૦૫/૦૮/૨૦૧૯ ના રોજ જ્યારે સમગ્ર ગુજરાતમાં 'ગ્રીન પ્રોજેક્ટ' અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે બાળકોને શિક્ષણાર્થે શુદ્ધ હવા તેમજ વાતાવરણ મળી રહે તે માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.જેમાં વિદ્યામંદિર ટ્રસ્ટ ના નિયામક ડૉ. હસમુખ મોદી તથા કોલેજ ના આચાર્યા ડૉ.નિલુબેન ઘોષ ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણ બાદ તાલીમાર્થીઓને વાવેલા વૃક્ષો ૨ વર્ષ સુધી ઉછેરી તેનું જતન કરવાનું સૂચન કર્યું હતું.

## રાખડી બનાવવાની સ્પર્ધા



તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી ડી.ડી.ચોકસી અને અંગ્રેજી માધ્યમ બી.એડ્ કોલેજના સંયુક્ત ઉપક્રમે ઈકો ફ્રેન્ડલી રાખી બનાવવાની સ્પર્ધાનું આયોજન થયેલ.જે અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા પર્યાવરણને નુકશાન ન પહોંચાડે તેવી વિવિધ પ્રકારની સુંદર રાખડીઓ બનાવવામાં આવી હતી.તારીખ ૧૪/૦૮/ ૨૦૧૯ ના રોજ નિર્ણાયકો દ્વારા ૧ થી ૩ નંબર આપવામાં આવેલ જેમાં પ્રથમ નંબર દરજી અંજુ ગ્રુપને મળેલ.આ સ્પર્ધાનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં રહેલી તાર્કિક કળાને જાગૃત કરવાનો હતો.તેમજ શ્રી પાલનપુર હિન્દુ સમાજ વડીલ વિશ્રાન્તિ ભવન (વૃદ્ધાશ્રમ) માં રહેતા વડીલોને તેમનું પણ આ દુનિયામાં કોઈ છે એવી પ્રતીતિ કરાવવા કોલેજ દ્વારા તાલીમાર્થીઓ વડે બનાવાયેલી આ રાખડીઓ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વડીલોને બાંધવામાં આવી હતી.

## વડીલ વિશ્રામ ગૃહની મુલાકાતે




તા.૧૪/૦૮/૨૦૧૯ ના રોજ તાલીમાર્થીઓ એ જાતે પર્યાવરણને નુકસાન ન થાય તેવી બનાવેલી રાખડીઓ લઈને પાલનપુર હિન્દુ સમાજ વડીલ વિશ્રાન્તી ભવનની મુલાકાત લીધી હતી અને વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોની મુલાકાત લીધી હતી.આ દિવસે કોલેજના તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકો એ તે વડીલોને રાખડી બાંધીને તેમને રક્ષાબંધનની શુભેચ્છાઓ આપી હતી.તેમજ આ વડીલોને પોતાનાઓ ત્યાં રાખ્યા હોય પણ આ દુનિયામાં તેઓનું પણ કોઈ છે એવી પ્રતીતિ કરાવી સેવા આપી હતી.આ મુલાકાતનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓ વડીલોનો આદર કરતા શીખે અને સમાજમાં વડીલ ગૃહો ઓછા બને તે અંગેની જાગૃતતા ફેલાવવાનો હતો.

## સ્વતંત્રતા દિવસ



તા.૧૫/૦૮/૨૦૧૯ ના રોજ હર્ષોલ્લાસ ભેર સમગ્ર ભારતમાં ૭૩ સ્વતંત્રતા પર્વ ની ઉજવણી થઈ. એ અંતર્ગત ટ્રસ્ટ દ્વારા કેમ્પસ માં ચાલતી વિદ્યાલયો ના સયુંકત ઉપક્રમે સ્વતંત્રતા પર્વની તિરંગો લહેરાવી ઉજવણી કરવામાં આવી.આ દરમ્યાન ટ્રસ્ટ ના સંચાલક શ્રી હસમુખભાઈ મોદી તેમજ ઉપર્યુક્ત બન્ને બી.એડ કોલેજના પ્રોફેસર્સ તેમજ શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આઝાદી કઈ રીતે મળી તેમજ આઝાદી મેળવવા માટે શહીદ થયેલા વિરોને યાદ કર્યા હતા.તેમજ વિદ્યાર્થીઓ ને સત્ય અને અહિંસા ના માર્ગે ચાલવાની હાકલ કરી હતી.

## સંસ્કૃત દિન




તા.૨૧/૦૮/૨૦૧૯ ના રોજ સંસ્કૃતદિનનું આયોજન કરવામાં આવ્યું હતું.સંસ્કૃત દિવસ શ્રાવણ માસની પૂનમે ઉજવાય છે.જેની ઉજવણી કોલેજ દ્વારા તા.૨૧/૦૮/૨૦૧૯ ના રોજ કરવામાં આવી હતી.જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ડૉ.ગિરીશભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.આચાર્યા શ્રી નિલુબહેન તેમજ સંસ્થા ના અન્ય પ્રાધ્યાપકો દ્વારા તેમનું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું.ડૉ.ગીરીશભાઈ સંસ્કૃત ના તજજ્ઞ ઉપરાંત સારા એવા પ્રવક્તા છે. તેમણે ગુજરાત સરકાર સામે સોમનાથ યુનિવર્સિટી ની નિવ રાખી હતી ઉપરાંત તેમને ઘણા પુરસ્કાર મળેલા છે.અને લોકો તેમને 'ગુરુ' ના હુલામણા નામ થી ઓળખે છે.તેમના કહેવા મુજબ "ભાષા એ પોતાની સંસ્કૃતિ ને સાથે લઈને ચાલે છે." જો ભાષા નથી તો સંસ્કૃતિ નથી અને સંસ્કૃતિ નથી તો રાષ્ટ્ર નથી.આપણી ઓળખ એ આપણી ભાષા છે.આ ઉપરાંત તેમને મોટા ભાગની ભાષાઓ સંસ્કૃતમાંથી ઉતરી આવી છે એ વિવિધ દ્રષ્ટાંતો આપી સમજાવ્યું હતું.આ અંતર્ગત એક સંસ્કૃત ભાષા ને લગતું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું.અંતે કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી હતી.

## એક દિવસીય પરીચય પ્રવાસ



તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી.ચોકસી અને એસ.પી.કોઠારી બી.ઍડ.કોલેજના સેમ.- ૧ ના તાલીમાર્થીઓના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય પ્રવાસનું આયોજન પાણીયારી આશ્રમ ખાતે થયેલું.આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ બંને કોલેજના તાલીમાર્થી મિત્રો એકબીજાને સારી રીતે ઓળખી શકે અને અરસપરસ તેમનો પરિચય કેળવાય તે હતો. આ દરમિયાન એક one minute show સ્પર્ધા નું આયોજન પણ થયેલું જેમાં ૧ થી ૩ ક્રમ આપવામાં આવેલા. આચાર્યા શ્રી દ્વારા તેમને પ્રોત્સાહિત કરવા ઈનામ આપવામાં આવ્યું હતું. ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા ઢોલ ખંજરી ના તાલે ગરબાનું આયોજન પણ થયેલું.

## મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય રમતગમત દિવસ




તા.૨૯/૦૮/૨૦૧૯ નો દિવસ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ તરીકે ઉજવાય છે ત્યારે આ અંતર્ગત એક નાનકડા કાર્યક્રમ નું આયોજન થયેલ.જેમાં કોલેજની તાલીમાર્થીએ પ્રોજેક્ટર ના માધ્યમથી જણાવેલ કે હોકીના જાદુગર એવા મેજર ધ્યાનચંદનો જન્મ આ દિવસે થયેલ હોવાથી તે રાષ્ટ્રીય રમતગમત દિવસ તરીકે ઉજવાય છે. મેજર ધ્યાનચંદે ૧૯૨૮ ,૧૯૩૨, અને ૧૯૩૬ માં ભારતને ઓલિમ્પિકસમાં સુવર્ણચંદ્રક અપાવ્યો હતો.આ દિવસને ધ્યાને લઈને તાલીમાર્થીઓ પણ વિવિધ રમતગમતમાં જોડાય તે અંગેની માહિતી આપવામાં આવી હતી.

## સીડ્સ પેન




તા.૨૯/૦૮/૨૦૧૯ ના રોજ NSS (National Service Scheme) ના તાલીમાર્થીઓ દ્વારા પર્યાવરણને બચાવવાના તેમજ પ્લાસ્ટિક નો ઓછો ઉપયોગ થાય અને વધુ વૃક્ષો વાવવાના હેતુથી seed pen બનાવવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બીજા વર્ષના અંજલી પટેલનો જૂથ તાલીમાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને આ પેન બનાવતા શીખવ્યું હતું. આ પેન માં બીજનો તેમજ કાગળનો ઉપયોગ થાય છે. જ્યારે પણ પેનની શ્યાહી પુરી થાય ત્યારે તેને ફેંકી દેતા આ પેન પર રહેલ કાગળનો નાશ થઇ તેમાં રહેલ બીજનું અંકુરણ થઈ વૃક્ષ, છોડ ઉગે છે.આમ NSS ના મિત્રો પણ આવા તમામ કાર્યક્રમ કરવા માટે હંમેશા તત્પરતા દર્શાવે છે.

## વક્તૃત્વ સ્પર્ધા:મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારો




વિદ્યામંદિર ટ્રસ્ટ દર વર્ષે એક વિષય લઈને વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો વિષયને અનુસરે છે ત્યારે આ વર્ષે સૂર્યકાંત પરીખ સેન્ટર દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વીકારેલ તેનાં અનુસંધાને મધ્યકાલીન સાહિત્યકારો પર વક્તૃત્વ સ્પર્ધા યોજેલ .મુઘલો ના ભારત પરના શાસન દરમિયાન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગવું પ્રદાન આપનાર સાહિત્યકારો જેવા કે નરસિંહ મહેતા,અખો,મીરાંબાઈ,વલ્લભ મેવાડો જેવા ઘણા સાહિત્યકારો દ્વારા ભક્તિના માર્ગે લોકોને લઈ જવા રચાયેલા પદો ,છપ્પા,ગરબા,ગરબી જેવા પદ્યો.વર્તમાન વિજ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં સાહિત્યથી લોકો દૂર જઈ રહ્યા છે ત્યારે એ બાબતને ધ્યાને લઈ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી.ડી.ડી ચોકસી અને એસ.પી.કોઠારી બી.એડ કોલેજ ના સંયુક્ત ઉપક્રમે આ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન તા.૩૦/૦૮-/૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યું હતુ જેમાં તાલીમાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધો હતો.આ સ્પર્ધા નો ઉદ્દેશ તાલીમાર્થીઓ આ બાબતથી જાણકાર બને અને સાહિત્યક્ષેત્રે પોતાનું પણ કંઈક પ્રદાન લોકોને કરે તથા તેમની અંદર રહેલી કળા જાગૃત થાય એ માટેનો હતો. આ સ્પર્ધામાં જોષી ઋત્વિ એ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

## ગાંધી વિચારધારા પ્રશ્નોત્તરી




તા.૩૧/૦૮/૨૦૧૯ ના રોજ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારો પર એક પ્રશ્નોતરી નું આયોજન કરાયું હતું.જેમાં વિધાર્થીઓ દ્વારા જ ગાંધીજીના જીવન દરમિયાન બનેલ ઘટનાઓ અને તેમના જીવનચરિત્ર પર પ્રશ્નો નિકાળવામાં આવ્યા હતા અને પ્રશ્નોતરી સ્પર્ધા યોજવામાં આવી હતી અને ૧ થી ૩ ક્રમાંક આપવામાં આવ્યા હતા જેમાં ડી.ડી ચોકસી કોલેજની તાલીમાર્થી જોષી ઋત્વિ એ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.આ સ્પર્ધા રસપ્રદ રહી હતી.

## શિક્ષકદિન




ભારતના બીજા રાષ્ટ્રપતિ, પ્રખર ચિંતક, વિચારક, તત્વજ્ઞાની, ભારતરત્ન, ઉત્તમ વક્તા અને ખાસ તો આદર્શ શિક્ષક તરીકે આજે પણ જેમને યાદ કરાય છે એવા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન તા. ૫ સપ્ટેમ્બર-૨૦૧૯ 'શિક્ષકદિન' તરીકે જાણીતો છે. સમગ્ર શિક્ષકગણને સમાજમાં મોભો અને પ્રતિષ્ઠા મળે, તે હેતુથી આ દિન નિમિત્તે દિનની ઉજવણી કરાઈ હતી.આ દિવસે કોલેજનું સમગ્ર સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરાયું હતુ. આચાર્ય, અધ્યાપકગણ ઉપરાંત કોલેજના અન્ય સ્ટાફગણ (ક્લાર્ક,પટાવાળા) તરીકે પણ તાલીમાર્થીઓ એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. બધા જ તાલીમાર્થીઓ નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી બજાવી હતી.દિવસના અંતે શિક્ષકગણ અને સ્ટાફગણ તરીકે ભાગ લીધેલ તેમજ ભાગ ન લીધેલ તાલીમાર્થીઓનો અનુભવ કેવો રહ્યો એના વિશે પ્રતિસાદ (feedback) લેવામાં આવ્યો હતો.અધ્યયન-અધ્યાપનનો અનુભવ પ્રત્યક્ષ જવાબદારી નિભાવવા માટે મહત્વનો રહ્યો હતો.

## હિન્દી દિવસ




તા.૧૪ સપ્ટેમ્બરનો દિવસ સમગ્ર ભારતવર્ષમાં 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી ડી.ડી.ચોકસીના કોલેજના એક તાલીમાર્થી દ્વારા હિન્દી દિવસ ક્યારે, ક્યારથી અને કેમ ઉજવાય છે તેનાથી અન્યોને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ અન્ય સહ-અધ્યાયી મિત્રો દ્વારા કબીરના દોહા અને કેટલીક ગઝલો રજૂ કરવામાં આવી હતી. કોલજના આચાર્યા શ્રી તેમજ અન્ય પ્રાધ્યાપકો દ્વારા આ દિવસને ઉદેશીને વકતવ્ય આપવામાં આવ્યું હતુ અને હિન્દી ભાષાનું મહત્વ સમજાવીને હિન્દી ભાષા અંગે જાગૃતિ ફેલાય એ માટે તાલીમાર્થીઓને હંમેશા પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું.

## સ્વચ્છતા અભિયાન



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ ' સ્વચ્છ ભારત અભિયાન ' અંતર્ગત એન.એસ.એસ.યુનિટ દ્વારા તાઃ ૧૪/૦૯/૨૦૧૯ ના રોજ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન કૉલેજના આચાર્યા ,પ્રાધ્યાપક શ્રીઓ તેમજ તાલીમાર્થી મિત્રોએ સાથે રહીને અભિયાન પાર પાડ્યું હતું અને કૉલેજ તેમજ વિદ્યામંદિર ટ્રસ્ટ ના પ્રવેશદ્વાર આગળના રસ્તા પરની સાફ - સફાઈ તેમજ આજુબાજુના વિસ્તારની સફાઈ કરીને સ્વચ્છતાનું એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સફાઈ નો ઉદ્દેશ તાલીમાર્થીઓ અને અન્ય લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાય તેનો હતો.

## કીટ વિતરણ

તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ એન.એન.એસ.યુનિટ અંતર્ગત યુનિ.દ્વારા મળેલ કીટનું વિતરણ સેમ.૧ના તાલીમાર્થીઓને પ્રિ.ડૉ.નીલુબેન ઘોષના હસ્તે કરવામાં આવી.જેમાં સ્કાપ,વોગેલ્સ,કેપ,માહિતી પુસ્તિકા વગેરે આપવામાં આવી અને સાથે સાથે એન.એન.એસ.દિવસ જે ચોવીસ સપ્ટે.દર વર્ષે ઉજવાય છે તેની ઉજવણી કરેલ જેમાં એન.એન.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા.ભરત માળી દ્વારા એન.એન.એસ.ની પી.પી.ટી.માં ઈતિહાસ અને કરવાના કાર્યોની માહિતી આપવામાં આવી.




## માઇક્રોટીચિંગ સ્પર્ધા

તા.૨૨/૦૯/૨૦૧૯ ના માઈક્રોટીચિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.એક આદર્શ તાલીમાર્થી અને ભાવિ શિક્ષક તરીકે બાળકોને અધ્યાપન સમયે કઈ રીતે તેમને સમજણ પડે,બાળકોને ભણવામાં રસ પડે અને સરળતાથી નાનામાં નાની બાબતો સમજાવી શકાય તે માટે માઈક્રોટીચિંગ અગત્યનું બની રહે છે ત્યારે તાલીમાર્થીઓમાં આ બાબતને લઈને અધ્યયન-અધ્યાપનના વિવિધ કૌશલ્યમાં આત્મવિશ્વાસ વધે તે માટે માઈક્રોટીચિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હીનલ લિંબાચીયા એ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.



## પોસ્ટર સ્પર્ધા

તા.૨૩/૦૯/૨૦૧૯ ના રોજ પર્યાવરણ ને અનુલક્ષીને ચાર વિષય પર પોસ્ટર બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી.જેમાં એક દાયકા પછીની પૃથ્વી,ઝાડ અને છોડ વિનાની પૃથ્વી,વૈશ્વિક ઉષ્ણતાની અસરો, લુપ્ત થતી પ્રજાતિઓનો સમાવેશ કરાયો હતો.જેમાં તાલીમાર્થીઓને તેમની પસંદગી અનુરૂપ ચાર-ચાર ના જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા અને દરેક જૂથને ઉપર્યુક્ત ચારમાંથી કોઈ એક વિષય પર પોસ્ટર બનાવવાનું કહેવામાં આવ્યું હતું અને તેની સમયમર્યાદા ૨ કલાકની હતી.આ દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા પોતાના જ્ઞાન,કળા-કૌશલ્ય તેમજ અનુભવને ધ્યાને રાખીને ઉત્તમ પોસ્ટર બનાવવામાં આવ્યા હતા.



## ગાંધી વિચારધારા પરીક્ષા



તા.૦૨/૧૦/૨૦૧૯ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ શશીવન ખાતે ટ્રસ્ટીઓના હસ્તે થયેલ.કોલેજના તાલીમાર્થીઓ સ્વયંસેવકની ભૂમિકા ભજવી.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારો પર એક પરીક્ષાનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠે કરાયું હતું.જેમાં સોળ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

## જૂથ ચર્ચા

તા.૦૪/૧૦/૨૦૧૯ ના રોજ જૂથ ચર્ચા કાર્યક્રમ પ્રાર્થના ખંડમાં યોજવામાં આવેલ.તાલીમના એક ભાગ તરીકે અને ભાવિ શિક્ષક તરીકે બાળકોમાં પણ આવી રીતે ચર્ચા યોજી શકાય તે માટેના અનુભવના ઉદ્દેશ થકી જુથ ચર્ચા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કુલ ચાર વિષય ૧. સિંગલ યુઝ ઓફ પ્લાસ્ટિક ૨.ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ ૩.ઈમ્પોર્ટન્સ ઓફ ફીટનેસ ઈન યોર લાઈફ અને ૪.યુઝ ઓફ રિન્યુએબલ એનર્જી ઓફ ઇન્ડિયા પર ચર્ચા કરવામાં આવી હતી.તાલીમાર્થીઓએ ૪ જૂથમાં ચર્ચા કરીને ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ ચારેય વિષય વર્તમાન સમય આધારિત પસંદ કરી તે પર પોતાના વિચારોની અભિવ્યક્તિ રજૂ કરવાની તક જૂથ ચર્ચાના આયોજનથી માહિતગાર કર્યા હતા.




## શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા




તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં પ્રાધ્યાપકો દ્વારા બનાવવામાં આવેલ ચબરખીમાં લખેલ વિષય પર વિષયવસ્તુની અભિવ્યક્તિ તાલીમાર્થીઓને તુરંત વકતવ્ય આપવાનું હતું.જેમાં ૧૦ જેટલા અલગ અલગ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ તાલીમાર્થીઓમાં તુરંત વિષય પર વક્તવ્ય અભિવ્યક્તિ આપવાની ક્ષમતાનો વિકાસ થાય તેનો હતો.

## નવરાત્રી મહોત્સવ



તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યુ હતું. તાલીમાર્થીઓ ગરબા રમવા પરંપરાગત વેશભૂષામાં આવ્યા હતા.સમગ્ર કોલેજના તાલીમાર્થીઓ, સ્ટાફગણ અને પટાવાળા સહિત તમામે આદ્યશક્તિની આરાધના આરતી દ્વારા કરી સૌએ તેનો લ્હાવો લીધો હતો અને ત્યારબાદ આનંદભેર ગરબા રમવાની મજા માણી હતી.નવરાત્રી રાખવાનો ઉદેશ તાલીમાર્થીઓમાં રહેલી ગરબા રમવાની વિવિધ કળાને બહાર લાવવાનો તેમજ આદ્યશક્તિની અધ્યાત્મિક આરાધન કરી તેમની કૃપા સદાય સૌના પર બની રહે તેનો હતો.

## વિશિષ્ટ પ્રકલ્પ સાહિત્ય




તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ વિશિષ્ટ પ્રકલ્પ સાહિત્ય અંતર્ગત ચાર વિષયો પર તાલીમાર્થીઓ દ્વારા વિવિધ ચાર્ટ,સ્ક્રેપબુક્ બનાવવામાં આવી હતી.જે એઇડ્સ દિવસ ,માતૃભાષા દિવસ,માહિલા સશક્તિકરણ અને બંધારણ દિવસને અનુલક્ષીને સાહિત્ય તૈયાર કરેલ .જે માટે તાલીમાર્થીઓને ચાર જૂથમાં વહેંચીને કામ સોંપવામાં આવ્યું હતુ,જે તાલીમાર્થીઓએ વિશિષ્ટ કાર્ય અને તેમને બનાવેલ આ સામગ્રીઓને રજૂ કરી તેના વિશે અન્યોને માહિતી આપી હતી તથા હવે આપણે એ અંતર્ગત ભવિષ્યમાં ક્યાં ક્યાં કાર્યો કરી શકીએ તેના પર પ્રકાશ પાડયો હતો.

## બંધારણ દિવસ




તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ વિશિષ્ટ પ્રકલ્પ સાહિત્ય અંતર્ગત જે વિષયો પર તા.૨૫ ના રોજ બંધારણ દિવસ હતો કોલેજના પ્રાધ્યાપકો દ્વારા તેને વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કરાયું હતું.વિશ્વના સૌથી મોટા લેખિત બંધારણ તરીકેનો દરજ્જો ધરાવતા ભારતના બંધારણને બનતા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ લાગ્યા હતા અને તે બંધારણ સમિતિ(ખરડા સમિતી) ની સર્વ-સંમતિથી તારીખ ૨૬/૧૧/૧૯૪૯ ના રોજ સ્વિકારાયું હતું.ત્યાંરથી આ દિવસ "બંધારણદિવસ" કે "કાયદાદિવસ" તરીકે ઉજવાય છે ત્યારે તાલીમાર્થીઓ દ્વારા આ દિવસ અંતર્ગત એક નાટક અને ppt તેમજ ચાર્ટ્સ તૈયાર કરવામાં આવ્યા હતા,જેનું વિસ્તૃત માહિતી તાલીમાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી. તેની સાથે મિલ્ક ડે અને સ્ત્રી સશક્તિકરણ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

## ગો ગ્રીન ફનફેર - ૨૦૧૯



તા.૦૨-૧૨-૨૦૧૯ ના રોજ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા લવ-કુશ ફનફેર (મેળા)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ૩૦ જેટલી સ્ટોલ ખોલવામાં આવ્યા હતા જેમાં ખાણી-પીણીની અને વિવિધ રમતોના સ્ટોલનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ ફનફેરનું ઉદ્દઘાટન ડો હસમુખ મોદી દ્વારા રિબન કાપીને નહિ પણ કબૂતર ઉડાવીને અને ફુગ્ગામાં સીડ્સ નાખી ઉડાવીને કરવામાં આવ્યું હતું.જે પર્યાવરણની જાળવણી માટેની થીમ ગો ગ્રીન રાખવામાં આવ્યું હતું. અંતર્ગત વિદ્યામંદિર પ્રાંગણમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ મુલાકાતે આવ્યા હતા.આ ફનફેરની વિશેષતા એ હતી કે તે ઈકો ફ્રેન્ડલી તરીકે ઉજવાયો હતો.તેમાં એક પણ પ્લાસ્ટિકની વસ્તુનો ઉપયોગ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો નહોતો.તાલીમાર્થીઓ દરેક ઉંમરના બાળકો સાથેનો અનુભવ પ્રત્યેક્ષ ખાવાની વાનગી બનાવવાનો અનુભવ કરેલ જે અનેક રમતો આનંદ અને અભિનયનું સ્થાન બાળકોમાં નવીનતાનું સર્જન કરેલ.ભાવિ શિક્ષક તરીકે નાણાનું આયોજન કઈ રીતે કરવુ,કઈ કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં કેવી રીતે લાવવી તે અંગેનું આયોજન અને કાર્યક્રમને કઈ રીતે સફળ બનાવવો તેના એક ભાગરૂપે પ્રત્યેક્ષ અનુભવ માટે ફનફેરનું આયોજન થયેલ જે સફળ રહ્યું.

## ચાઈલ્ડ સેક્સ એબ્યુસ




તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ ચાઈલ્ડ સેક્સ એબ્યુસ વિશે તાલીમાર્થીઓને માહિતી મળે તે માટે ડૉ. લતીકા શાહ, કે જેઓ ચાઈલ્ડ સેક્સ એબ્યુસથી માહિતગાર છે અને તેને રોકવાના પ્રયત્નો કરે છે તેમને કોલેજના પ્રાંગણમાં બોલાવવામાં આવ્યા હતા. ડૉ.લતીકા શાહ દ્વારા તાલીમાર્થીઓને આના વિશે માહિતી પુરી પડાઈ હતી અને તેને રોકવા માટેના ચાર 1. Recognize, 2. Resist, 3.Run away, 4. Reprot ની પૂરતી માહિતી પ્રોજેકટર દ્વારા અપાઈ હતી.

## બનાસડેરીની મુલાકાતે



તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ એશિયાની પ્રથમ ક્રમાંકે આવતી બનાસ ડેરીની મુલાકાત અર્થે તાલીમાર્થીઓને આચાર્યાશ્રી અને પ્રાધ્યાપકો દ્વારા લઈ જવામાં આવ્યા હતા.અમે સવાર ૧૧ વાગ્યાથી મુલાકાત શરૂ કરી હતી,જેમાં માર્ગદર્શક તરીકે બનાસ વિભાગના શ્રી મયુરભાઈ સાથે રહ્યા હતા.જેમના દ્વારા મળતી માહિતું મુજબ ડેરીમાં રોજનું અંદાજે ૭૦ લાખ લીટર દૂધ સહકારી દૂધમંડળીઓ થકી ભરાય છે.જેમાંથી વિવિધ પ્રકારની શ્રેષ્ઠ અને ઉત્તમ ગુણવત્તાવાળી વસ્તુઓ ટેકનોલોજીના માધ્યમ થકી બનાવાય છે.જેમાં મોટા ભાગના દૂધ,છાશ ,માખણ,પનીર,ઘી બનાવાય છે ઉપરાંત ઉનાળામાં આઈસ્ક્રીમ,અને લસ્સી બનાવાય છે.આ ઉપરાંત તેમના ભાવિ આયોજન વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

## સ્લાડ સ્પર્ધા




તા.૧૪/૧૨/૨૦૧૯ ના રોજ સ્લાડ સ્પર્ધા યોજવામાં આવી હતી.આ સ્પર્ધાનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં રહેલી કળા કૌશલ્યને બહાર લાવવાનો હતો.આ સ્પર્ધામાં તાલીમાર્થીઓ દ્વારા હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને સ્લાડ બનાવવામાં આવ્યા હતા.જેમાં ગો ગ્રીન , બેટી બચાવો બેટી પઢાવો,પ્રાણીઓ બચાવો વગેરે જેવા વિષયને અનુલક્ષીને સ્લાડ ડીઝાઈન બનાવી. આ સલાડનો રોજબરોજની જિંદગીમા ઉપયોગ કરી સ્વાસ્થ્ય કેવી રીતે સારું રાખી શકાય તેની માહિતી રજૂ કરાઈ હતી.આ સ્પર્ધામાં ક્રમાંક આપવામાં આવ્યા હતા જેમાં પ્રથમ ક્રમાંક તાલીમાર્થી સલોની એ મેળવ્યો હતો.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા




તા.૧૪/૧૨/૨૦૧૯ ના રોજ સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.જે સંસ્કૃત ભારતી ગુજરાત દ્વારા દર વર્ષે લેવાય છે. તેમાં પ્રવેશિકા પરીક્ષામાં સોળ તાલીમાર્થીઓ ભાગ લીધેલ જેનું સંચાલન પ્રા.ભરત માળી કરેલ.

## મહિલા શક્તિકેન્દ્ર



તા.૧૯/૧૨/૨૦૧૯ નાં રોજ શ્રીમતી પતંજલિબેન પ્રજાપતિ, બનાસકાંઠા જિલ્લાનાં મહિલા શક્તિ કેન્દ્રના સદસ્ય અને પોલીસ મહિલા સ્પોર્ટ સેન્ટરમાંથી આવેલા જીગીશાબેન એ તરછોડાયેલ અને અસહાય સ્ત્રીઓ માટે સરકાર દ્વારા ‘સખી વન સ્ટોપ સેન્ટર‘, ‘અભયમ્’ જેવી અનેક યોજનાઓ અને સુવિધાઓ આપવામાં આવે છે. તેની જાણકારી આપી હતી.આ સિવાય સોશિયલ મિડિયા ઉપર થતી સતામણી અને તેનાથી થતી સજાઓ ની જાણકારી આપી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં મહિલાઓની રક્ષા, વિકાસ અને આ વિષયે જાગૃતતા ફેલાવવાનો હતો.

## મતદાન જાગૃતતા ચૂંટણીકાર્ડ કાર્યક્રમ




તા. ૦૭/૧૨/૨૦૧૯ ના રોજ ભારતીય નાગરિક તરીકે ચુંટણીમા મતદાન કાર્ય કેટલું મહત્વનું છે તેની રજુઆત કરવા માટે મામલતદાર ઓફીસ પાલનપુર જનસેવામાંથી શ્રી આશાબેન પટેલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપેલ.ઉપરાંત કલરવાળું કાર્ડ,એક સ્થળના ચૂંટણીકાર્ડ બનાવવા,નવું ચૂંટણીકાર્ડ અને તેમાં ભૂલની સુધારણા કરવા માટે ફોર્મનું વિતરણ કરી માહિતી આપી હતી.આ કાર્યક્રમનો હેતુ તાલીમાર્થીઓ મતદાનનું મહત્વ સમજે અને ચુંટણી કાર્ડની વિવિધ માહિતીથી જાણકાર થાય તે હતો.

## સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ




તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા બોર્ડ ડેકોરેટ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ ની શરૂઆત જી.કે પ્રશ્નોતરીથી કરવામાં આવી હતી.જેમાં દરેક પ્રશ્નો સ્વામી વિવેકાનંદના જીવન અને તેમના કાર્યો ને લગતા રાખવામાં આવ્યા હતા.ત્યારબાદ સ્વામી વિવેકાનંદના જીવન પરિચય પર વક્તવ્ય તાલીમાર્થીઓ દ્વારા આપવામાં આવ્યું હતું.પ્રાધ્યાપક શ્રી હેતલબેન દેસાઈ એ વિવેકાનંદના બાળપણના પ્રસંગની ચર્ચા કરી જે યુવાનોને માર્ગદર્શન રૂપે જરૂરી હતું.

## રાત્રિ શિબિર



વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા રાત્રિ શિબિરનું આયોજન દાંતીવાડા તાલુકાના ડાગીયા મુકામે તા.૨૦/૦૧/૨૦૨૦ થી તા.૨૨/૦૧/૨૦૨૦ સુધી થયું હતું.જેમાં ૨૫-૨૫ તાલીમાર્થીઓના બે ગ્રૂપ પાડીને અલગ-અલગ દિવસે ત્યાં મોકલવામાં આવ્યા હતા.આ શિબિરમાં તાલીમાર્થીઓને બાળકો સાથે કઈ રીતે તાલમેલ કરવો અને બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે રાઈફલ શૂટિંગ,સ્વિમિંગ ,ઘોડે સવારી તથા ભવાઈ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કઈ રીતે ભાગ લેતા કરવા તે અંગેના અનુભવાર્થે મોકલવમાં આવ્યા હતા જેથી ભવિષ્યમાં શિક્ષક તરીકે બાળકોને આવી શિબિર દરમિયાન કઈ રીતે સાચવવા તથા તેમના મન સાથે કઈ રીતે ભળવું તેની એક ઝાંખીનું તાલીમાર્થીઓ પ્રત્યક્ષીકરણનો અનુભવ આનંદમય રહ્યો હતો.

## સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ




તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ સુભાષચંદ્રબોઝ જન્મજયંતી ઉજવવામાં આવી હતી.આ ખાસ દિન નિમિત્તે તાલીમાર્થી કુલદીપ ચૌધરી અને પ્રવિણ ચૌહાણ એ સુભાષચંદ્ર બોઝના જીવન અને તેમને કરેલા દેશભક્તિના કાર્યોને વક્તવ્ય અને પી.પી.ટી. દ્વારા રજૂ કર્યા હતા.અંતમાં આચાર્યાશ્રી દ્વારા સુભાષચંદ્ર બોઝના સુત્રોની માહિતી તાલીમાર્થીઓને આપી હતી.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી



તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ હર્ષોલ્લાસ પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ. એ અંતર્ગત કેમ્પસ માં ચાલતી વિદ્યાલયના સયુંકત ઉપક્રમે સ્વતંત્રતા પર્વની તિરંગો લહેરાવી ઉજવણી કરવામાં આવી.આ દરમ્યાન ટ્રસ્ટના ડાયરેક્ટર હસમુખભાઈ મોદી તેમજ ઉપર્યુક્ત કોલેજ ના આચાર્યા અને કોલેજ ના અન્ય પ્રોફેસર્સ તેમજ શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આઝાદી કઈ રીતે મળી તેમજ આઝાદી મેળવવા માટે શહીદ થયેલા વિરોને યાદ કર્યા હતા.તેમજ વિદ્યાર્થીઓ ને સત્ય અને અહિંસા ના માર્ગે ચાલવાની હાકલ કરી હતી.

## રમત-ગમત દિવસ



તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ સ્પોર્ટ્સ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ રમતો જેમ કે ખો-ખો,લીબુ-ચમચી,ત્રિપગી દોડ,ગોળાફેંક,રસ્સાખેંચ ,ક્રિકેટ વગેરે રાખવામાં આવી હતી અને તેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા સમૂહ રમત ક્રિકેટ અને રસ્સાખેંચ આકર્ષણનું કેન્દ્ર રહી હતી .આ રમત-ગમત રાખવાનો ઉદેશ તાલીમાર્થીઓ ભાવિ શિક્ષક તરીકે બાળકોને આ રમતોના નિયમો અને કેવી રીતે આયોજન કરી બાળકોની શારીરિક શક્તિને ઉજાગર કરવાનો હતો.

## ગાંધી નિર્વાણ દિનની ઉજવણી



તા. ૩૦/૦૧/૨૦૨૦ ના રોજ ગાંધીજી ના નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ દિવસે ડી.ડી.ચોકસીમાંથી મૈત્રી પ્રજાપતિએ ગાંધીજી ના પ્રેરણાદાયક વાક્યોનું PPT દ્વારા રજૂઆત કરીને તેની સારી રીતે સમજ આપી હતી.જયારે એસ.પી. કોઠારીમાંથી સુથાર દિપકએ ગાંધીજીના જીવનના વ્રતને જીવનમાં ઉતારીને સરળ જીવન માટેનું વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ આચાર્ય શ્રી એ પણ પોતાની PPT દ્વારા ગાંધીજીના પ્રેરણાદાયી સુવિચાર દ્વારા તાલીમાર્થીઓને ગાંધીજી વિષયક વક્તવ્ય આપ્યું હતું અને નિર્વાણ દિનથી ગાંધીજી માટે અને શહીદદિન નિમીતે તેમને ૨ મિનીટ નું મૌન ધારણ કરાવ્યું હતું. તે શહીદો અને ગાંધીજીના દેશ પ્રત્યેના પ્રેમને આદર આપ્યો હતો.

## વિશ્વ કેન્સર દિવસ




તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ વિશ્વ કેન્સર દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.આ દિવસે તાલીમાર્થીઓ એ કેન્સર શું છે ? કઈ રીતે થાય છે ? તે અંગેની માહિતી આપી હતી.ત્યારબાદ આચાર્ય અને પ્રાધ્યાપકો એ કેન્સર અંગેની તાલીમાર્થીઓને સમજ  આપી હતી અને વિશ્વમાં કેન્સર અંગેની જાગૃતિ ખુબ અગત્યની છે તે અંગે તેમણે જણાવ્યું હતું તથા તાલીમાર્થીઓને વ્યસનોથી દૂર રહેવાની સલાહ આપી હતી .આ કાર્યક્રમનો હેતુ તાલીમાર્થીઓને કેન્સર અંગે વર્તમાનની જાણકારી આપવાનો અને સ્વ જાગૃત થઇ સમાજમાં તે અંગે માહિતી પહોંચતી કરે તેનો હતો.

## વાહનવ્યવહાર અને ટ્રાફિક અંગેની જાગૃતતા



તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ વાહનવ્યવહાર અને ટ્રાફિક અંગેની જાગૃતતા માટેનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.ભાગ-દોડની આ જિંદગીમાં રોજબરોજ અનેક વાહન અકસ્માત થતા હોય છે અને લોકો મોતનો ભોગ બને છે ત્યારે આ અંગે લોકો જાગૃત થાય તે માટે આર.ટી.ઓ વિભાગ દ્વારા અકસ્માતથી રક્ષણ અંગે અવારનવાર આવા કાર્યક્રમ યોજવામાં આવે છે.ત્યારે કોલેજમાં ટ્રાફિક પોલીશમાંથી નિવૃત્ત થયેલ ઈશ્વરસિંહ ચૌહાણ
દ્વારા તાલીમાર્થીઓ આ અંગે ટ્રાફિકના નિયમોથી જાગૃત થાય અને લોકોમાં જાગૃતિ ફેલાવે તે માટે જરૂરી માહિતી અને નિયમોની સમજ પૂરી પાડવામાં આવી હતી.

## અનાદિહ  સંસ્થાનું અનાવરણ



તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બી.એડ. કોલેજના સંયુક્ત ઉપક્રમે અનાદીહ ફોઉંન્ડેશનના ઇનોગ્રેશનનો કાર્યક્રમ યોજાયો હતો.આ દિવસે તાલીમાંર્થીયોને હાયજીનથી દુર રેહવા માટે ડૉક્ટરે PPT દ્વારા રજૂઆત કરી હતી અને સાચી સમજણ આપી હતી. અનાદીહ ફાઉન્ડેશન NGO ના હેડ એવા મેડમ શ્રી સંધ્યા સક્સેના  એ પણ જાગૃતિ ફેલાવવા માટે છોકરીઓ ને તથા જ્યાં સુધી તે વિશેની જાણકારી આપી પહોંચાડી શકાય તેના પ્રયત્નો કરવા પ્રેરણા આપી હતી.She Bank ના ઈનોગ્રેશન ફંકશન માં શાળા ની બાળકી ઓને પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં નાના છોડ દ્વારા મેહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.તાલીમાર્થીનીઓ તેમની કળા કૌશલ્યથી એક સ્ત્રીનું સુંદર રંગોલી બનાવી હતી.સેમ ૨ ની તાલીમાર્થીની મમતા એ ઇન્સ્પીરેશનલ ગીત રજુ કર્યું હતું.Dr.H.K.Shah દ્વારા Health and Hygiene ની માહિતી આપવામાં આવી હતી.

## વિશિષ્ટ યુનિવર્સીટી વ્યાખ્યાન




તા.૧૪/૨/૨૦૨૦ ના રોજ યુનિવર્સીટી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં મુખ્ય મહેમાન અને આ લેક્ચરના વિષયના જાણકાર એવા સેન્ટ્રલ યુનિવર્સીટીના અજ્યું.વિભાગના એસો.પ્રોફ. ડૉ.જયેન્દ્રભાઈ અમીન હાજર રહ્યા હતા.તાલીમાર્થીઓના અભ્યાસક્રમમાં આ વિષય સમાવિષ્ટ હોવાથી કોલેજ દ્વારા તેના જાણકાર એવા જયેન્દ્ર અમીન સર પાસેથી તાલીમાર્થીઓને સચોટ માહિતી મળે તે હેતુથી સાહેબશ્રીને આમંત્રિત કરાયા હતા.તેમના દ્વારા સંરચનાત્મક અભિગમ પર 5Emodel ની સંપૂર્ણ માહિતી પી.પી.ટી.દ્વારા તાલીમાર્થીઓને આપવામાં આવી હતી.

## સાત દિવસીય N.S.S. શિબિર

**તાઃ ૨૮/૦૨/૨૦૨૦ થી તા. ૦૫/૦૩/૨૦૨૦**




તા. ૨૮/૦૨/૨૦૨૦ ના રોજ સાત દિવસીય N.S.S. શિબિર પ્રાથમિક શાળા,પારપડા ગામમાં પ્રથમ દિવસે ઉદ્ઘાટન કરીને કાર્યક્રમની શરૂઆત N.S.S.ના રાષ્ટ્રીય પુરસ્કાર સન્માનિત શ્રી હરચંદ ભાઈ ચૌહાણ મુખ્ય મહેમાન અને વિદ્યામંદિર ટ્રસ્ટના ડાયરેક્ટર ડૉ. હસમુખ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયો. ઉપરાંત અન્ય મહાનુભાવો સંકલન કરનાર શ્રી પ્રભુદાસ પટેલ, ડ્યુક પ્લાસ્ટો પ્રાઈવેટ લીમીટેડ, પારપડા શાળા ના આચાર્ય શ્રી ચેતનાબેન ખમાર, S.M.C ના સભ્યો, સરપંચ અને ગામના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા.બી.એડ.કોલેજના આચાર્યા ડૉ. નીલુબેન ઘોષ દ્વારા મહેમાનોનું શાબ્દિક અને સીડ્સ પેન, ગ્રીન પ્લાન્ટેશન આપીને સ્વાગત કરેલ,તેમજ વિજ્ઞાન દિવસ પર અને પ્રેરણાદાયી સુંદર કવિતાના બે શબ્દો કહ્યા હતા. ૨૮ ફેબ્રુઆરીનાં રોજ રાષ્ટીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે શિબિરાર્થીઓં દ્વારા સોલાર લેમ્પ તેમને જાતે બનાવ્યો તે શાળાને ભેટ આપેલ,જયારે L.R. કોમલ પ્રજાપતિ એ એજોલા વિષે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.જેમાં ખેડૂતો એ ખુબજ રસ ધરાવ્યો હતો.કાર્યક્રમ ઓફિસર- P.O. ડૉ.ભરત પી.માળી દ્વારા આગામી સાત દિવસીય આયોજન અને આભારવિધિ કરેલ તથા કાર્યક્રમનો અંતે જાગૃતતા ગ્રામ રેલી,વૃક્ષારોપણ અને શાળાના તમામ પરિવાર, ગામજનો અને કોલેજનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સૌ સાથે ભોજન લઈને થયો હતો.

## મહિલા સશક્તિકરણ




તા.૦૭/૦૩/૨૦૨૦ ના રોજ મહિલા સશક્તિકરણ દિનને (૮માર્ચ) ઉજવવામાં આવ્યો હતો.આ દિનને લઈને તાલીમાર્થીઓ દ્વારા મહિલા પ્રત્યે થતા અન્યાય,શોષણ તેમજ તેમના હકો વગેરેને અનુરૂપ એક મુક નાટક તથા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.જેનો હેતુ તાલીમાર્થીઓ પોતે જાગૃત થાય અને મહિલાઓના હકો,શિક્ષણ, વગેરે અંગે સમાજમાં જાગૃતિ ફેલાવે તેનો હતો.

## એસ.બી.આઇ બેન્ક નો કાર્યક્રમ




તા.૧૩/૦૩/૨૦૨૦ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી.ચોકસી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશનમાં એસ.બી.આઈ બેન્ક અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં એસ.બી.આઈના કર્મચારીઓ કૉલેજમાં આવીને બેન્કની નવી શરૂ થયેલી યોનો એપ્લીકેશન વિશે માહિતી આપી હતી.તેઓએ એસ.બી.આઈ બેન્ક માં નિશુલ્ક ખાતું ખોલી આપવા માટે કહ્યું હતું.ત્યારબાદ આ બેન્ક થી લિન્ક કરી ઓનલાઈન શોપીંગ એપ્લીકેશન એવી યોનો એપ્લીકેશનની માહિતી આપીને તાલીમાર્થીઓને કે જે એસ.બી.આઈ બેન્કમાં ખાતું ધરાવે છે તેઓને આ એપ્લિકેશનને લિન્ક કરી આપી હતી.આ કર્મચારીઓને ત્યાં કૉલેજમાં રહી તાલીમાર્થીઓ ઓનલાઈન ખાતું ખોલી આપ્યું હતું.આ કાર્યક્રમનો હેતુ તાલીમાર્થીઓને બેન્ક દ્વારા થતી વિવિધ ઓનલાઈન માહિતીના જાણકાર બને તે હતો.

## વિશ્વ ગ્રાહક દિવસ




તા.૧૪/૦૩/૨૦૨૦ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી.ચોકસી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ૧૫ માર્ચ વિશ્વ ગ્રાહક દિન નિમિતે કાર્યક્રમ યોજાયો હતો,હાલના સમયમાં દુકાનદારો , વેપારીઓ વગેરે દ્વારા ગ્રાહકો સાથે લોભામણી જાહેરાત અને બીલ વગર છેતરપીડી કરવામાં આવે છે ત્યારે આ બાબતને ધ્યાને લઇ સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા કેન્દ્રો દરેક જિલ્લામાં શરૂ કરવામાં આવ્યા છે છતાં પણ જાગૃતિના અભાવ ના લીધે છેતરપીડી થાય છે ત્યારે આ અંગેની માહિતી બધાને મળે તે હેતુથી ડી.ડી.ચોકસીના તાલીમાર્થી કલ્પેશ ચૌધરી ,સલોની અને કિંજલ ગઢવી દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું જ્યારે નિધિ પટેલ, હેમાંગીની પટેલ અને પ્રવીણ ચૌહાણ દ્વારા ગ્રાહક જાગૃતિ અંગેનો વીડિયો અન્ય તાલીમાર્થી મિત્રોને બતાવવામાં આવ્યો હતો જેથી અન્ય તાલીમાર્થીઓ પણ જાગૃત થાય અને સમાજમાં પણ તેની માહિતી પહોંચાડે જેથી છેતરપીડી થતી રોકી શકાય.

## ઓનલાઈન મલ્ટીડીસીપ્લીનરી રાષ્ટ્રીય સેમીનાર



તા.૯/૫/૨૦૨૦ ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી.ડી.ચોકસી કોલેજ ઓફ સેક.અજ્યું.,પાલનપુર અને CEAM GUJARAT દ્વારા કોરોના લોકડાઉન અંતર્ગત ઓનલાઈન મલ્ટીડીસીપ્લીનરી રાષ્ટ્રીય સેમીનાર Challenges & Opprotunities In Higher Education In Pandemic Situation Of Covid-19 નું આયોજન ગુગલ મિટ એપ દ્વારા કરવામાં આવ્યું જેમાં એકસો એગીયાર પ્રતિભાગી ભારતના વિવિધ રાજ્યોમાંથી ઓનલાઈન સહભાગી થયા હતા.સવારે દશ વાગે ઉદ્ઘાટન સત્રમાં મહેમાન શ્રીઓનું પરિચય અને સ્વાગત પ્રિ.ડૉ.નીલુબેન ઘોષ દ્વારા કરવામો આવ્યું. આર્શીવચન અને શુભેચ્છા વિદ્યામંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી શિરીષકુમાર મોદી ઓનલાઈ આપેલ.કેમ્પસ ડાયરેક્ટર ડૉ.હસમુખ મોદી ઓનલાઈન પ્રેરણાદાયી વક્તવ્ય કોરોના મહામારીના કારણે શૈક્ષણિક રીતે આવા કાર્યક્રમો ખુબ જ ફળદાયી છે. CEAM ના પ્રેસીડેન્ટ ડૉ.વી.એમ.સસીકુમાર આ સેમિનારને યોગ્ય શબ્દો દ્વારા બિરદાવવામાં આવ્યો, હેમ.ઉ.ગુજ.યુનિ.,પાટણના કુલપતિ ડૉ.જે.જે.વોરાએ વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોની માહિતી આપીને સફળતા અંગે શુભેચ્છા પાઠવી હતી.કુલ ૯૬ સંશોધન પેપરમાંથી ૨૬ સંશોધન પેપરની પસંદગી કરીને ઓનલાઈન ત્રણ સ્તરમાં રજૂઆત કરવામાં આવી જે અનુભવ મહત્વનો રહ્યો.જે પસંદગી પામેલ સંશોધન પેપર ISSN ઈ-મેગેઝીન પત્રિકામાં છાપવામાં આવશે.સમાપન કાર્યક્રમમાં ડૉ.આર.જી.કોઠારી પૂર્વ કુલપતિ વીર નર્મદ યુનિ.સૂરત અને ડૉ.ઉશોશી ગુહા IPR Attroney,Govt.Of India દ્વારા સાંપ્રત સમયને અનુલક્ષી માર્ગદર્શન આપેલ.દરેક પ્રતિભાગીઓને ઈ-સર્ટીફીકેટ આપવામાં આવશે.પ્રતિભાગીઓને આ ઓનલાઈન રાષ્ટ્રીય સેમીનારનો આગવો અનુભવ પ્રેરણાદાયી રહ્યો જે તમામના સહયોગથી સફળ થયો હતો .

## કોરોના મહામારી સેવાકાર્ય -૨૦૨૦







એપ્રિલ-મે-૨૦૨૦ કોરોના મહામારીમાં તાલીમાર્થીઓ દ્વારા વિવિધ સેવાકાર્યો કરવામાં કરવામાં આવ્યા હતા જેમકે ભોજન કીટ વિતરણ ,માસ્ક જાતે બનાવવી વિતરણ, વિશેષ ઠાકોર ઉદાજી સી. જે ગામ.- દુનાવાડા તા.હારીજ જી.-પાટણ ખાતે પોલીસ મિત્ર સેવક તરીકેની ફરજ તા.૦૩/૦૪/૨૦૨૦ થી બજાવેલ.તા.૦૩/૦૫/૨૦૨૦ થી ૧૬/૦૫/૨૦૨૦ ના રોજ ગામ કોરનટાઈન ચૌદ દિવસ કરેલ જે ત્રણ કેશ કોરોનાના આવ્યા હોવાથી તેમાં નિષ્ઠાથી સ્વયંસેવક તરીકેની ફરજ બજાવેલ.

## મુખ્ય યોજનાનું અમલીકરણ

- એન. એસ.એસ. યુનિવર્સિટીમાં પ્રથમ કોલેજ
- સ્કાઉટ
- ગ્રાહક જાગૃતતા કેન્દ્ર
- ઈકો ક્લબ
- કેમ્પસ પ્લેસમેન્ટ કેમ્પ
- અગરબત્તી પ્રોજેક્ટ
- IIT મુંબઈ દ્વારા પ્રોજેક્ટ
- અનાદી સી બેન્ક પ્રોજેકટ NGO (મહિલા સશકિતકરણ)

## શૈક્ષણિક ક્ષેત્રમાં કોલેજનું યોગદાન

૧. ડી.ડી.ચોકસી કોલેજના સેમ.૨ ના તાલીમાર્થીઓ દ્વારા ધો.૬ થી ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક ઈન્ટર્નશીપ કાર્યક્રમ દરમ્યાન વિવિધ રીતે અધ્યયન-અધ્યાપન કાર્ય કરાવેલ .

૨. ડી.ડી.ચોકસી કોલેજના સેમ.૪ ના તાલીમાર્થીઓ દ્વારા બનાસકાંઠાની વિવિધ શાળાઓમાં શૈક્ષણિક ઈન્ટર્નશીપ કાર્યક્રમ અંતર્ગત ક્રિયાત્મક સંશોધન, ચિંતનાત્મક જર્નલ, ઉપચારાત્મક કાર્યક્રમ, શાળાના વહીવટી કાર્ય અંગે મદદ અને સહભ્યાસિક પ્રવૃતિઓનું યોગદાન આપેલ.

૩. વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત રાત્રીરોકાણ કાર્યક્રમ ગોપલપૂરીધામ ડાંગીયા ખાતે તા.૧૯-૨૧/૦૧/૨૦૨૦ન રોજ તાલીમાર્થીઓ બાળકો સાથે પ્રત્યક્ષ ક્ષેત્રીય અનુભવ પ્રાપ્ત કરેલ.

૪. ડી.ડી.ચોકસી કોલેજન સેમ.૪ના એન.એસ.એસ.યુનિટ અંતર્ગત તા.૨૮/૦૨/૨૦૨૦ થી ૦૫/૦૩/૨૦૨૦ સાત દિવસીય શિબિરનું આયોજન પ્રા.શાળા પારપડા ખાતે સામાજીક, શૈક્ષણિક અને સહભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન કરેલ.

૧. ઓલ ઇન્ડિયા હાર્ટફૂલનેશ નિબંધ સ્પર્ધા તા.૧૫/૦૯/૨૦૧૯માં કુલ ૫ તાલીમાર્થીઓ ભાગ લીધેલ જેમાં જોષી નેહલ ગુજરાત રાજ્યમાં ૧૦માં ક્રમે આવી .

૨. ગુજરતી એકાંકી નાટય સ્પર્ધા તા.૨૧/૦૯/૨૦૧૯ ભારતીય વિદ્યાભવન અમદાવાદ ખાતે યોજાયેલ બી.એડ્.ના ૨ તાલીમાર્થીઓ નાટ્ય સ્પર્ધાથી વાકેફ થયા .

૩. તા.૨૧-૨૩/૧૨/૨૦૧૯ના રોજ કુદરતી અને કૃત્રિમ આપત્તિ નિવારણ કાર્યક્રમ એન.એસ.એસ.યુનિટ અંતર્ગત બી.ડી.એસ.આર્ટસ કોલેજ પાટણ ખાતે યોજાયેલ તેમાં ૨ તાલીમાર્થીઓ ભાગ લઇ આપત્તિ સમયે લેવાના પગલા અંગે જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરેલ.

૪. ૨૬ જાન્યુ.૨૦૨૦ના રોજ દીન્દ્રોલ પ્રા.શાળા સિદ્ધપુર ખાતે "દીકરી સલામ દેશને નામ" અંતર્ગત ગામમાં સૌથી વધુ ભણેલી દીકરીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ અને સન્માન હિમાની જોષી સેમ-૨ યોજાયેલ જેમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગુજ.સરકાર દ્વારા તા.૮/૪/૨૦૨૦ ના રોજ સ્વામી વિવેકાનંદના જીવનસંદેશ પર ઓનલાઈન સ્પર્ધા યોજાયેલ જેમાં સેમ.૪ની તાલીમાર્થી કોમળ પ્રજાપતિ બીજો ક્રમ પ્રાપ્ત કરેલ.





1. Nominated as a Board Member of Teacher Education and Learning Technology, as per the provisions of Statute of IITE, Gandhinagar, its clause 18 and sub clause 1 for the term of the 3 (three) years.

2. As a Project Coordinator of D.D.Choksi College of Secondary Education which has become center for Diploma in Elementary Education (D.El.Ed) programme. The programme has been developed by the Academic Department, NIOS on the initiative of Ministry of Human Resource Development (MHRD), Govt. of India, keeping in view the NCF 2005, RTE 2009 and NCFTE 2010.

3. As a Project Director in the project entitled "A Study of Indigenous Scientific Practices Used by the People of Tribal Areas of Banaskantha District of Gujarat State and their Prevalence in Modern Society" funded by India Council of Social Science Research, New Delhi.

4. Nominated as an NSS Director, of D.D. Choksi College of Secondary Education.

5. As a Nodal Officer of HNG University, Patan from KCG – Gujarat and College became the Centre for Software Training Program as a part of National Mission on Education through ICT, funded by MHRD Govt. of India in association with Spoken Tutorial, IIT Mumbai.

6. Research paper published in TTMA TRACKS, ISSN:2394-2908, titled, 'Reflective Journal Writing As a Metacognitive Tool' in vol.1/issue-45/August.2018.

7. Participated as a Presenter, as a Chair person, and as a Panelist too, in an International Conference '2018' on 'Equity and excellence in Education: Global Challenges' under the topic "Teaching for Sustainable Development and Excellence" held on 27th to 30th August 2018.

8. Participated in NSS-Annual Conference and workshop -Organised by HNGUniversity on 7th Feb.2019

9. Participated in UGC Sponsored Refresher Programme- Conducted by HRDC-GNDUniversity, Amritsar, from 8thMarch '19' to 28th March '19'. Scored rank: 'A' grade

10. Two students have completed Ph.D under my Guidance from HNG University , Patan

11. Nominated as a Coordinator of Consumer Club established in DDChoksi College, run by Banaskantha Grahak Suraksha , Shikshan and Sanshodhan Mandal , Palanpur- Permanently affiliated by Govt. of Gujarat.

12. Nominated as a Coordinator of Eco club by Gir Foundation – Under Government of Gujarat

13. As a Project Coordinator of D.D.Choksi College of Secondary Education which has become center for Diploma in Elementary Education (D.El.Ed) programme. The programme has been developed by the Academic Department, NIOS on the initiative of Ministry of Human Resource Development (MHRD), Govt. of India, keeping in view the NCF 2005, RTE 2009 and NCFTE 2010.

14. Nominated as a Coordinator of DD CHOKSI COLLEGE, in SWAYAM –PORTAL recently launched by MHRD .

## Achievements of 2019-2020

1. Presented research paper Innovations in " Women Empowerment And Gender Equality "in the International Seminar 2020 on 'AN EQUAL WORDL IS AN ENABLED WORLD: REALIZING WOMEN'S POWER" at St.Joseph College of Teacher Education, Ernakulam , on 8th to 10th March '2020'.
2. Participated in NAAC sponsored National Workshop on "Issues and Challenges faced by Institutes of Higher Education in the new NAAC framework" on 15th Feb 2020 by Shree M.P Shah Education Society, Kadi.
3. On 9thof March "2020',received **International Award of "Women Icon 2020"** award and **Certificate of Excellence** in the field of education from CTEF and CEAM.
4. Became the Resource Person and a chair person of the session in '**Innovations in Women empowerment and Gender Equality'** in the International conference-2020 on 'Equal world is enabled world "8th -10th March 2020
5. Participated as a Panelist in the online National Conference held in IITE on 27th -28th of April 2020
6. Certification of Participation in Webinar for Educators: Stress Management, Use of Google Classroom and forms, Develop Inter Disciplinary Projects, Organized by Department of training, Centre of Training, IITE on 20th to 22nd April 2020.
7. Research paper published in TTMA TRACKS, ISSN: 2394-2908, titled, "The Role of Indigenous People in Conservation of Biodiversity of Banaskantha District of Gujarat" in December,2019.
8. Participated in the Three-Day International Webinar on "Leadership and Management in Education – An Ongoing Global Crisis: Challenges and Possibilities", from 27th to 29th May, 2020.

## Enrichment of Academic Qualification

1. Successfully completed with honors Social Psychology, an online non-credit course authorized by Wesleyan University and offered through Coursera on 05/29/2020
2. Completed one week online certification programme in LMS for Educators with special focus on online evaluation, held from 18-0520 to 24-05-20 to by Kerala State Higher Education Council (KHSEC).

## Extended hands in HNGUniversity, Patan

1. Nominated as a paper setter of B.Ed & M.Ed .
2. Nominated as a chairperson in the B.Ed Practical Exams.
3. Nominated as an University Representative and Interview Expert for the selection of academic staff in colleges aff.with HNGUniversity, Patan
4. Nominated as an examiner for checking of theory papers B.Ed & M.Ed
5. Nominated as an examiner for checking and taking viva of M.Ed Desertation.
6. Nominated as an examiner to adjudicate Ph.D thesis
7. Nominated as a squad member in HNG University examinations.
8. Nominated as a LIC member & Chairperson in inspection of B.Ed&M.Ed Colleges aff. With HNG University.

## Dr. Bharat Kumar P. Mali

Adhyapak Sahayak: Sanskrit Method

- As Sanskrit expert in interview committee at HNGU, Patan
- As external paper setter at HNGU
- As an expert in M.Ed. Dissertation Checking
- As an expert in paper checking of B.Ed and M.Ed
- As a squad member, during Examination of HNG University, Patan.

- D.D.Choksi College Of Sec.Edu.,Palanpur Grant In Aid Appointment 25 July 2019

1. successfully completed online Short Term Course on Research Methodology from Dept. of Education, Saurashtra University, Rajkot from 25th April to 2nd May,2020.
2. Successfully Completed NSS Program officer Training held from 3/12/2019 to 9/12/2019, organised by Government of India, Ministry of Youth Affairs and Sports in Gujarat Vidyapeeth.
3. Successfully completed online faculty development Program on Curriculum Development from 19-26th May2020 from children University,Gandhinagar

## કૉલેજની ભૌતિક સુવિધાઓની વિગત

| ભૌતિક સુવિધા | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.ફૂટમાં) |
|---|---|---|
| આચાર્ય ખંડ (મિટીંગ રૂમ સાથે) | 1 | 10 x 13 |
| શિક્ષક ખંડ | 6 | 20 x 18 |
| પ્રાર્થના ખંડ | 1 | 41.2 x 18.0 |
| પ્રયોગશાળા | 1 | 22.2 x 20.0 |
| મધ્યસ્થ પુસ્તકાલય | 1 | |
| કાર્યાલય | 1 | 11.11 x 13 |

| ભૌતિક સુવિધા | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.ફૂટમાં) |
|---|---|---|
| પાણીની ટાંકી | 02 | 4.25 x 4.25 x 4.25 |
| લેડિઝ ટોયલેટ બ્લોક | 01 | 9.7 x 20.0 |
| જેન્ટસ્ ટોયલેટ બ્લોક | 01 | 9.7 x 20.0 |
| રમતનું મેદાન | - | 21 x 8.25 x 2.85 |
| ફાયર સેફ્ટી | 02 | |
| પ્રાથમિક સારવાર પેટી | 01 | |
| ગર્લ્સ રૂમ | 01 | |

### Various Teaching Methods




### Models of Teaching used for Teaching Practices

- Inductive Thinking
- Concept Attainment
- The Picture - Word Inductive Model
- Scientific Inquiry
- Mnemonics
- Synectics
- Advance Organizers

## Student Committee

| Sr.no | Committee | Mentor | Incharge Stu. | Student |
|---|---|---|---|---|
| | G.S. | Dr. N. G. Ghosh | Gosai Darshana<br>Chauhan Pravin | Pramukh Mantri |
| | L.R. | Dr. N. G. Ghosh | PrajapatiMaitri | Upmantri |
| 1 | Welcome<br>સ્વાગત | Hetal Desai<br>Sagufta Mukhi | Prajapati Saloni J. | Joshi Rutvi<br>Gosai Darshana |
| 2 | Birthday<br>જન્મદિવસ | Himanshu Acharya<br>Bharatbhai Mali | Joshi Nehal R. | Modi Kinjal R.<br>Parmar Sheetal |
| 3 | Prayer<br>પ્રાર્થના | Hetal Desai<br>Sagufta Mukhi | Patel Hemangini | Gadhavi Kinjal<br>AcharyaNidhi V. |
| 4 | Bulletin<br>બુલેટિન | Himanshu Acharya<br>Bharatbhai Mali | Mevada Rutva P. | Katara Sonal M.<br>Rana Nikita P.<br>Bhatia Hitendra N. |
| 5 | Cultural<br>સ્વાગત | Dr. N. G. Ghosh<br>ArpanaTripathi | LimbachiyaHinal J. | Prajapati Anjana R.<br>Chaudhary Heena B. |
| 6 | Cleanliness<br>સ્વચ્છતા | Himanshu Acharya<br>SaguftaMukhi | DakaAsha K. | Darji Anju N.<br>Parmar Subabhai |
| 7 | Internship<br>શાળા પ્રાયોગિક અનુભવ | Hetal Desai<br>Arpana Tripathi | Bhatia Hitendra | AcharyaNidhi |
| 8 | Tour/Excursion<br>શૈક્ષણિક પ્રવાસ | Dr. N. G. Ghosh<br>Bharatbhai Mali | GosaiDarshana | Joshi Rutvi<br>Prajapati Maitri<br>Bhatia Hitendra N. |
| 9 | Sport<br>રમત ગમત | Himanshu Acharya<br>Bharatbhai Mali | Sagar | Harshad Kumar |
| 10 | Grievance<br>ફરિયાદ | Hetal Desai<br>ArpanaTripathi | Shah Pooja | Chaudhary Drashti<br>Patel Nidhi |
| 11 | Action Research<br>ક્રિયાત્મક સંશોધન | Dr. N. G. Ghosh<br>Arpana Tripathi | Raval Sagar | Vaghela Bhikhubha |
| 12 | Student Welfare/Fund<br>વિદ્યાર્થી કલ્યાણ ભંડોળ | Hetal Desai<br>J. H. Bhatiya | Darshana Gosai | Gadhavi Kinjal |
| 13 | Workshop/Seminar<br>કાર્ય શાળા / પરિસંવાદ | Dr. N. G. Ghosh<br>Hetal Desai | Patel Nidhi K. | Jignasha |
| 14 | Woman Development<br>મહિલા વિકાસ | ArpanaTripathi<br>Sagufta Mukhi | DamorManisha | Joshi Rutvi<br>MevadaRutva |
| 15 | Language/Media Reporting<br>અહેવાલ લેખન | Dr. N. G. Ghosh<br>Bharatbhai Mali | Hitendra Singh | Prajapati Maitri<br>Mevada Rutva |
| 16 | Discipline/Attendance<br>શિસ્ત / હાજરી | Arpana Tripathi<br>Hetal Desai | Karnavat Jignasha | Komal<br>Bhatia Hitendra N. |
| 17 | Environment<br>પર્યાવરણ | Himanshu Acharya<br>Hetal Desai | HitendraSinh Rajput | Himani |

## Student Committee

| Sr.no | Committee | Mentor | Incharge Stu. | Student |
|---|---|---|---|---|
| 18 | Stationary<br>લેખન સામગ્રી | Arpana Tripathi<br>Hetal Desai | Pooja Shah | Prajapati Anjana |
| 19 | Student Forum<br>તાલીમાર્થી સંગઠન | Dr. N. G. Ghosh | AcharyaNidhi | Limbachiya Hinal |
| 20 | Shakespeare<br>ભાષા સાહિત્ય | Hetal Desai<br>Bharatbhai Mali | GatarIshwar | GohilPradyumansinh |
| 21 | Steve Jobs<br>વિજ્ઞાન | Dr. N. G. Ghosh<br>Arpana Tripathi | Chandu Solanki | Mevada Rutva |
| 22 | Submission Of Activities /Held Work<br>શૈક્ષણિક પ્રાયોગિક કાર્ય જમા | Sagufta Mukhi<br>Hetal Desai | Chaudhary Kalpesh | Solanki Chandu<br>Solanki Virji |
| 23 | N.S.S.<br>એન.એસ.એસ. | ArpanaTripathi<br>Bharatbhai Mali | Sagar Raval | Harshad Kumar |
| 24 | Examination<br>પરીક્ષા | Bharatbhai Mali<br>ArpanaTripathi | Damor Manisha | Pravin Chauhan |
| 25 | Consumer<br>ગ્રાહક જાગૃતતા | Hetal Desai<br>Sagufta Mukhi | Jagrala Salma | Rana Nikita |
| 26 | Government Field<br>સરકારી ફીલ્ડ | Dr. N. G. Ghosh<br>Bharatbhai Mali | Pravin Chauhan | Gosai Darshana<br>Hitendra |
| 27 | Scout-Guide<br>સ્કાઉટ ગાઈડ | Hetal Desai<br>Sagufta Mukhi | Bhatia Hitendra | Joshi Rutvi |

## કર્મચારી પત્રક

| નામ | હોદ્દો | લાયકાત | આ સંસ્થામાં અનુભવ |
|---|---|---|---|
| ડૉ.નિલુબેન ઘોષ | આચાર્યા | M.Sc., M.Ed., M.B.A.,Ph.D. | 3 વર્ષ |
| ડૉ. ભરતકુમાર પી. માળી | વ્યાખ્યાતા | M.A., M.Ed., Gset.,Ph.D. | 3 વર્ષ |
| ડૉ. હિમાંશુભાઈ આચાર્ય | વ્યાખ્યાતા | M.A., M.Ed., Ph.D. | 3 વર્ષ |
| શ્રીમતી અર્પણાબેન ત્રિપાઠી | વ્યાખ્યાતા | M.Sc., M.Ed., Ph.D. (Conti.) | 3 વર્ષ |
| શ્રીમતી હેતલબેન દેસાઈ | વ્યાખ્યાતા | M.A., M.Ed., Mphil, Ph.D. (Conti.) | 4 વર્ષ |
| શ્રીમતી સગુફતા મુખી | વ્યાખ્યાતા | M.S.C.(C.A. & I.T.) | 1 વર્ષ |
| શ્રી ઉમંગભાઈ જોષી | ક્લાર્ક | B.A. | 5 વર્ષ |
| શ્રી એસ.એસ.સોલંકી | સફાઈ કામદાર | ધો.10 નાપાસ | 33 વર્ષ |
| શ્રી એલ.જે. તરાલ | પટાવાળા | ધો.10 પાસ | 30 વર્ષ |
| શ્રી દિનેશભાઈ પરમાર | પટાવાળા | ધો.9 પાસ | 11 વર્ષ |

## સારાંશ

આપણી તાલીમી સંસ્થાનો વૃદ્ધિ અને વિકાસ મોટેભાગે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ક્ષમતા પર આધારિત છે. તાલીમાર્થીઓની પ્રતિભાઓને વિવિધ પ્રવૃત્તિઓ થકી અધ્યાપકો ઓળખી શકે છે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અધ્યાપકો તાલીમાર્થીઓની તેમની કુશળતા અને કાર્યક્ષમતાને બહાર લાવે છે. અમારી કોલેજની સફળતામાં અમારા તાલીમાર્થીઓનો સૌથી મોટોભાગ છે. તેઓ સંસ્થામાં અભ્યાસક્રમ, સહ-અભ્યાસક્રમ અને બીજી અન્ય અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ સંસ્થાની ઉન્નતિમાં સહયોગી છે. સમાજની આવનારી પેઢીને તૈયાર કરવા માટે શિક્ષક તરીકે તાલીમી અભ્યાસક્રમ મહત્વનો ભાગ હોવાથી અનેક પ્રવૃત્તિઓના અનુભવથી શીખવાની તત્પરતા તીવ્ર અવકાશ મળ્યો છે. આવા તમામ તાલીમાર્થીઓના આભારી છીએ અને જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થવા માટેની શુભેચ્છા પાઠવીએ છીએ.

# આવક–જાવક વિગત

## 2019- 20 (વાસ્તવિક)

### આવક

| ગ્રાન્ટ | ફી | કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ આવક |
|---|---|---|---|---|
| 3619314 | 66052 | 3685366 | 100 | 36854 |

### જાવક

| કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ |
|---|---|---|
| 4981811 | 100 | 4981800 |

### વધ - ઘટ

| કુલ | વિદ્યાર્થી દીઠ સરેરાશ વધ | વિદ્યાર્થી દીઠ સરેરાશ ઘટ |
|---|---|---|
| –1296445 | - | –12964 |

## 2020- 21 (અંદાજીત)

### જાવક

| ગ્રાન્ટ | ફી | કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ આવક |
|---|---|---|---|---|
| 3619499 | 67400 | 3682899 | 105 | 35075 |

### જાવક

| કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ |
|---|---|---|
| 5062037 | 105 | 48209 |

### વધ - ઘટ

| કુલ | વિદ્યાર્થી દીઠ સરેરાશ વધ | વિદ્યાર્થી દીઠ સરેરાશ ઘટ |
|---|---|---|
| –1379138 | - | –13791 |

**(ડૉ. હસમુખ મોદી)**
નિયામક
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

**(ડૉ. નીલુબેન ઘોષ)**
આચાર્યા,
શ્રી ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ
સેકન્ડરી એજ્યુકેશન